# પ્રકરણ-૨

# પસંદગીની બે ગુજરાતી કૃતિઓ અને સ્ત્રી વિમર્શ

## પસંદગીની બે ગુજરાતી કૃતિઓ અને સ્ત્રી વિમર્શ :

અહીં ગુજરાતીની બે સશક્ત લેખિકા ઈલા આરબ મહેતાની 'પાંચ પગલાં પૃથ્વી પર'(૧૯૯૫) અને વર્ષા અડાલજાની 'શગ રે સંકોરું'(૨૦૦૪) એ બે કૃતિઓની મેં મારા અભ્યાસ માટે પસંદગી કરી છે. ''પાંચ પગલાં પૃથ્વી પર'માં આધુનિક સ્ત્રીની મહત્વાકાંક્ષા અને લગ્નજીવનમાં વિકસવાની સ્વતંત્ર તકની મહેચ્છાનું આલેખન છે. અને તેને કારણે પતિ-પત્ની વચ્ચે થતો સંઘર્ષ, સ્ત્રીની અકળામણ, પોતાની કેડી કંડારવા માટેની મથામણ અને પુરુષની સ્ત્રીને ઘરના ચોકઠામાં જકડી રાખવાની વૃત્તિનું  સુપેરે આલેખન છે. તો વર્ષા અડાલજાની 'શગ રે સંકોરું' સ્ત્રીની જાતીય ઇચ્છાઓ અને આવેગોની ચર્ચા  છે,સાથે કહેવાતો ધર્મનો કહેવાતા સાધુ,સંન્યાસીઓ તેમને અંધ અનુસરનારા ભક્તોના જાતીય  જીવન પર કેવો દુષ્પ્રભાવ પાડે છે, તેનું આલેખન અહીં જોવા મળે છે. અહીં પસદંગીની બંને સાંપ્રત નવલક્થામાંની સ્ત્રીઓની સમસ્યાઓ અને સંવેદનાઓ વિષે  વિગતે કૃતિલક્ષી ચર્ચા કરવા નો ઉપક્રમ છે.

**ઈલા આરબ મહેતા લેખિકા પરિચય :** ઈલા આરબ મહેતાનો જન્મ ૧૬ જૂન,૧૯૩૮માં મુંબઈ ખાતે થયો હતો. તેમનાં પિતા ગુણવંતરાય સ્વાતંત્ર્ય સેનાની તથા ફુલછાબનાં તંત્રી, એમના સમયના ગુજરાતીના પ્રખ્યાત નવલકથાકાર, પત્રકાર, પટકથા લેખક  હતા. તેઓ રણજિત મુવીટોનના વાર્તા વિભાગના  અધ્યક્ષ હતા. આમ સાહિત્યના સંસ્કાર ઈલા આરબ મહેતાને ગળથૂથીમાં જ મળેલા. પિતાનો લેખન તથા પત્રકારત્વનો વ્યસાય હોવાથી ઘરના સાહિત્યિક અને સાંસ્કૃતિક વાતાવરણે તેમના સાહિત્યરસને પોષ્યો તથા સર્જનાત્મક શક્તિઓને જાગૃત કરી. તેમનું શાળા જીવન જામનગર, રાજકોટ અને મુંબઈમાં વીત્યું. મુંબઈની રામનારાયણ રુઇયા કૉલેજમાંથી ગુજરાતી સંસ્કૃત સાથે પ્રથમ વર્ગમાં બી.એ કર્યું. અને તે જ વર્ષે તુળજાગૌરી કૃષ્ણલાલ ઝવેરી શિષ્યવૃત્તિ મેળવી. અને આ જ વિષયો સાથે

એમ.એ.નો અભ્યાસ કરીને તેઓએ પહેલાં રુઇયા અને પછી સેંટ ઝેવિયર્સ કોલેજમાં પ્રાધ્યાપિકા તરીકે ફરજ બજાવી.તેમણે શરૂઆતમાં કૉલેજકાળ દરમિયાન જ લેખન પ્રવૃત્તિનો આરંભ કર્યો હતો. જે અખંડ આનંદ, નવનીત સામયિકોમાં પ્રગટ થતી હતી. ઈ.સ.૧૯૬૪માં ડૉ.આરબ મહેતા સાથે લગ્નગ્રંથિથી જોડાયા. તેમના પિતા ૧૯૬૫માં અવસાન પામ્યા ત્યારે ઇલાબહેને તેમની અધૂરી 'નવલકથા 'રમત રમાડે રામ' પૂરી કરી. ત્યાર બાદ અને ચિ. સલિલ અને સોનાલીના ઉછેર માટે રુઇયા કૉલેજમાંથી રાજીનામુ આપ્યું.

આ પગલું આમ જુઓ તો તેમના જીવનમાં એક મહત્વના વળાંકેરૂપે સાબિત થયું, ઘેર મળતો સમય હવે લેખન પ્રવૃત્તિનો સમય બન્યો. છ વર્ષ બાદ ફરી સેંટ ઝેવિયર્સ કોલેજમાં પ્રાધ્યાપિકા તરીકે જોડાયા તે દરમિયાન એક નવલિકાકાર, નવલકથાકાર તથા રેડિયો રૂપકોના આલેખક તરીકે નામના પ્રાપ્ત કરી ચુક્યા હતા.

ઈલાબહેનની નવલકથાઓ માનવમનની ગહન લાગણીઓ, સંઘર્ષો અને દ્વન્દ્વોને ઊંડાણથી નિરૂપે છે. દરેક નવલકથાઓમાં તેઓ એક નાવીન્યપૂર્ણ સ-રસ વાર્તા કહેવાનો અને માનવસમાજના વિવિધ સ્તરોમાંથી મળેલાં પાત્રોને નિરૂપવાનો પ્રયાસ કરે છે. 'બત્રીસ પૂતળીની વેદના'(૧૯૮૨) અને 'પાંચ પગલાં પૃથ્વી પર', જેવી નવલક્થાઓએ તેમને ગુજરાતીમાં મુખ્ય નારીવાદી નવલકથાકાર તરીકે સ્થાપિત કર્યા છે. નારીજીવનની અનેકવિધ સમસ્યાઓનું, પડકારોનું તેને થયેલા અન્યાયો અને અત્યાચારોનું જરાય એકાંગી કે પ્રચારાત્મક ન બની જવાય તેવું તેનું સાહિત્યિક મૂલ્ય જાળવીને લખાયેલી આ નવલકથાઓનું ગુજરાતી સાહિત્યમાં બહુમૂલ્ય પ્રદાન છે. એક સંવેદનશીલ લેખિકા હોવાના નાતે તેમનું સાહિત્ય માત્ર સ્થૂળ સપાટીની વાર્તા કરતાં ય વધારે તો સમાજજીવનના ભીતરનાં વહેણો, જિંદગીને ઊંડાણથી જીવવા મથતા પાત્રોને નિરૂપે છે. આ રીતે તેમનું સાહિત્ય નિસ્બતનું સાહિત્ય બને છે. અલબત્ત તેમાં કલાનું તત્વ તેને પ્રચારાત્મક બનતાં રોકે છે.

'રાધા'(૧૯૭૨)એ તેમની પુરસ્કૃત નવલકથા છે. જે કર્ણની માતા રાધાની કથા નિરૂપે છે. મહાભારતમાં તો રાધાનો માત્ર નામોલ્લેખ જ છે.પણ એક દલિત, શુદ્ર જ્ઞાતિ જાતિની મા બાળકમાં કેવા સંસ્કારો રેડી તેને 'કર્ણ' બનાવે છે તેની આ કાલ્પનિક કથા છે.

'વારસદાર'(૧૯૭૮)માં ગાંધીજીના મૂલ્યો વડે જીવવા માગતો એક માનવી અને બીજી બાજુ તેમના નામને વટાવી ભ્રષ્ટાચાર અને સત્તાની પાછળ આંધળી દોટમાં ઉન્મત્ત બનેલા તેના કુટુંબીજનોની કથા છે. આ કથા અમદાવાદઃદૂરદર્શન પર ધારાવાહિક રૂપે રજૂ થઇ હતી.

'અને મૃત્યુ' (૧૯૮૨)એ ભારતીય દર્શન અને મૃત્યુ પરના ચિંતનને કેન્દ્રમાં રાખતી નવલકથા છે.

પરંતુ નિસ્બતના સાહિત્યમાં પણ ઈલા આરબ મહેતાનું ગુજરાતી સાહિત્યમાં માર્ગદર્શક કહી શકાય તેવું યોગદાન છે એટલે તેમની નારીવાદી કૃતિઓ, તેમની નવલકથા 'બત્રીસ પૂતળીની વેદના' ગુજરાતી સાહિત્યની પ્રથમ નારીવાદી નવલકથા છે. તેમાં સ્ત્રીઓની પરાધીન સ્થિતિ, પિતૃપ્રધાન સમાજમાં -ધર્મ અને કર્તવ્યને નામે- તેમનું થતું શોષણ અને લગભગ ગુલામી જેવી સ્થિતિનો કલાત્મક ચિતાર છે.

આ જ પ્રશ્નોને વધુ ઊંડાણથી તપાસી નારી વિમુક્તિની વિભાવનાને તેઓ 'પાંચ પગલાં પૃથ્વી પર' નવલકથામાં સ્પષ્ટ કરે છે. ગુજરાત બહાર વસેલા ગુજરાતીઓની ડાયસ્પોરાની નવલકથા પ્રથમવાર ઈલાબહેન 'ધી ન્યૂ લાઈફ'(૨૦૦૪)માં આપે છે. નારી ભ્રુણહત્યાનો અત્યારે સમાજને માટે એક સળગતો પ્રશ્ન છે તેની હૃદયસ્પર્શી કથા 'ઝીલી મેં કૂંપળ હથેળીમાં'(૨૦૦૭) તેમણે લખી છે.

'વાડ'(૨૦૧૧) એ તેમની છેલ્લી પ્રગટ થયેલી નવલકથા એક તદ્દન નવા ક્ષેત્રમાં વાચકને લઇ જાય છે, હિન્દૂ-મુસ્લિમના કોમી રમખાણો, કોમી એકતા વિષે ઘણું લખાયું છે. પણ આ

નવલકથા નવલકથાના માધ્યમમાં રહીને મુસ્લિમ ધર્મની વિશિષ્ટતાઓ તેમની ચોક્કસ પ્રકારની માનસિકતા દર્શાવે છે. ધર્મના વાડામાં પુરાયેલી બંને પ્રજાઓ વાડાઓની વાડ કુદાવી એક ભારતીય પ્રજા બની શકવાની શક્યતા તેમણે આ નવલકથામાં ગૂંથી લીધી છે. અનેક ગંભીર, સામાજિક નિસ્બત ધરાવતી નવલકથાઓ આપનાર ઇલાબહેને 'એક હતા દિવાન બહાદુર'(૧૯૭૬) , 'વસંત છલકે'(૧૯૮૭) જેવી હાસ્યપ્રધાન નવલકથાઓ પણ આપી છે. ગાંધી યુગમાં જન્મેલાં હોવાથી ગાંધીજીના મૂલ્યોની ગાઢ અસર તેમના જીવનમાં વણાઇ ગઈ છે. તેમની નવલકથાઓ જીવનના વિશાળ વ્યાપમાં ફરી વળે છે. અધ્યાપક તરીકે નિવૃત્ત થયા પછીનો સમય હવે તેઓ લેખન-વાંચનમાં ગાળે છે,

**તેમનું સર્જન:**

**નવલકથા :**

'ત્રિકોણની ત્રણ રેખાઓ' : ૧૯૬૬,

'થીજેલો આકાર' : ૧૯૭૦

'રાધા' : ૧૯૭૨, ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પુરસ્કૃત.

'એક હતા દિવાન બહાદુર' : ૧૯૭૬.

'બત્રીસલક્ષણો : ૧૯૭૬.

'વારસદાર' : ૧૯૭૮

'અને મૃત્યુ' : ૧૯૭૯.ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પુરસ્કૃત.

'શબને નામ નથી હોતું' : ૧૯૮૧

'બત્રીસ પૂતળીની વેદનાઓ' : ૧૯૮૨

'દરિયાનો માણસ' : ૧૯૮૫

'વસંત છલકે' : ૧૯૮૭.

'પરપોટાની આંખ' : ૧૯૮૮.ભગિની નિવેદિતા પારિતોષિક વિજેતા.

'પાંચ પગલાં પૃથ્વી પર' : ૧૯૯૫.પ્રકાશન ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય

'નાગપરીક્ષા' : ૧૯૯૫.

'ધી ન્યુ લાઈફ' : ૨૦૦૪. ગુજરાતી સાહિત્ય અકાદમી તથા મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત.

'ઝીલી મેં કૂંપળ હથેળીમાં' : ૨૦૦૭.

'વાડ' : ૨૦૧૧.

'સપ્ત માતૃકા' : ૨૦૧૭.

**નવલિકાસંગ્રહ :**

'એક સિગરેટ એક ધૂપસળી' : ૧૯૮૧ .ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પુરસ્કૃત.

'વિયેના વુડ્ઝ' : ૧૯૮૯.

'ભાગ્યરેખા' : ૧૯૯૧.

'યોમ કિપુર' : ૨૦૦૬.મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત.

ઈલા આરબ મહેતાનો વાર્તાવૈભવ ૨૦૦૯.નવલિકાચયન

**પ્રવાસ વર્ણન :**

'માઈલોના માઈલો મારી અંદર' **:** ૨૦૧૫.

**પરિચય પુસ્તિકા:**

પ્રાઇડ ઍન્ડ પ્રેજ્યુડીસ **:**

અન્ના કેરેનિના

## પાંચ પગલાં પૃથ્વી પર :

**લેખિકા ઈલા આરબ મહેતા. ૧૯૯૫, પ્રકાશન ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય. પૃષ્ઠ સંખ્યા : ૩૪૭**

અનુરાધા ગુપ્તા નામની લેખિકાને નારીમુક્તી અંગેના એક પરિસંવાદમાં મળેલી અનુપા નામની એક સ્ત્રી પોતાના જીવનની આ કથા કહે છે. વચ્ચે વચ્ચે પરિસંવાદમાં આવેલી બીજી સ્ત્રીઓની કથા પણ આમાં વણાઈ છે. પણ એ બધી ઉપકથાઓ છે. અનુપાની બહેનપણી જલ્પાની અને બીજી અનેક મુક્તિવાંછુ સ્ત્રીઓની કથા પણ સમાંતરે ચાલી રહી છે. પણ મુખ્યત્વે આ કથા અનુપાની છે. આ નવલકથાની નાયિકા અનુપા છે, બીજા બધાં પાત્રોમાં એના પપ્પા, વાલીફોઇ, મિહિર, મિહિરના બા વિમળાબા અને એનો ભાઈ વિનીત, જલ્પા, અનુરાધા ગુપ્તા, બિંદીબહેન, લક્ષ્મી, કેયા. આખી કથા અનુપાની આસપાસ વણાયેલી છે. અનુપા બી.એ. પૂરું કરી રહી હતી તે જ વર્ષે કોઇ બહેનપણીના લગ્નમાં તેને મિહિર સાથે મુલાકાત થાય છે. મિહિરને અનુપા ખુબ ગમી જાય છે. અનુપાને પણ થોડો રસ પડે છે મિહિરમાં, બહેનપણીના લગ્ન રિસેપ્શન પછી અનુપાને તેને ઘેર મુકવા આવેલો મિહિર અનુપાને સીધું જ પૂછી લે છે કે, તમને મિસિસ મિહિર મોદી બનવું ગમશે ? મિહિર સી.એ.થયેલો છે અને તેણે પોતાની પ્રેક્ટિસ શરૂ કરેલી છે. પણ અનુપાને હજી ભણવું છે. અને તે મિહિર પ્રત્યે એવું અદમ્ય ખેંચાણ કે આકર્ષણ પણ અનુભવતી નથી. એટલે અવઢવમાં છે. આમ બે વર્ષ નીકળી જાય છે, અનુપા એમ.કૉમ પણ થઇ જાય છે. એના પપ્પાની ખરાબ તબિયત અને ફોઈની સમજાવટથી પછી મિહિર સાથે પરણીને એ પોતાની જિંદગીનું પહેલું પગલું ભરે છે. પણ લગ્ન પહેલાથી એના મનમાં ક્યાંક નોકરી કરવાની ઈચ્છા તો હતી છતાં એને શું કરવું છે તે બાબતે તે બહુ સ્પષ્ટ નહોતી. તેની માતા તે એસ.એસ.સી.માં હતી ત્યારે જ અવસાન પામી હતી. એટલે પિતાની સાથે જ ઉછરેલી અનુપાને ઘર-ગૃહસ્થીની માયા બહુ નથી. વળી લાડકી દીકરી સાથે જીવતા બાપે દીકરીને પુરુષપ્રધાન માનસિકતાનો પરિચય કરાવ્યો નથી સાસરે આવીને તે જુએ છે કે સાસુ વિમળાબહેનના જીવનના કેન્દ્રમાં તેમના

બંને દીકરાઓ છે. મિહિર અને વિનીતની આસપાસ જ તેમની દિનચર્યા વણાયેલી છે. એ બંને ને શું ખાવું,પીવું, ક્યારે શું જોઈએ અને સાથે પોતાનું ઘર. આની પાર જઈને વિમળાબા કશું વિચારતા હોય તો કદીક દેવદર્શન અને ક્યારેક સાંજેમાંદે કોઇ સગાંવહાલાંને મળવા જવું. આમાં જ એમનું સંપૂર્ણ જીવન સમાઈ જાય છે. અનુપાને પણ તે આ જીવનસરણીમાં ઢાળવાનો પ્રયાસ કરતાં જાય છે. છતાં વિમળાબા જક્કી કે હઠાગ્રહી નથી. પોતાના મતથી જુદો માટે ઉદાર દિલે સ્વીકારવાની તેમની તૈયારી છે. એટલે એમની અને અનુપાની વચ્ચે વિસંવાદ નથી. અનુપાને ધીમે ધીમે આ જીવનસરણી ખટકવા લાગે છે. તેને થાય છે કે રોજ પતિની આજુબાજુ ફૂંદડી ફરતાં તેની પસંદ-નાપસંદનું ધ્યાન રાખવું, સમયસર તેને ગમે તેવા ચા-નાસ્તો-ભોજન બનાવવા, બહાર જતી વખતે તેને જોઈતી ચીજ-વસ્તુઓ હાથમાં આપવી, તેના કપડાં ઈસ્ત્રી કરાવી તૈયાર રાખવા અને ક્યારેક દાગીના સાડીઓ, આધુનિક વસ્ત્રોમાં સુસજ્જિત થઈને તેની કે કુટુંબીજનો સાથે ફરવા જવાનું, શું આજ સ્ત્રીજીવનની ધન્યતા ? પોતાના પરિવાર કે પતિથી જુદાં જો કોઈ સ્ત્રીના સ્વપ્નાં હોય તો એનું શું ? પતિને કારકિર્દી બનાવવી હોય તો આખો પરિવાર, પત્ની તેને માટે અનુકૂળ વાતાવરણ તૈયાર કરે પણ જો પત્નીને કારકિર્દી બનાવવી હોય તો શું પતિ અને પરિવાર તેને સાથ આપશે ? તેણે જોયું કે માત્ર પતિ અને સાસરિયાની જ વાત શું કામ જો કોઈ કુંવારી છોકરીને કારકિર્દી બનાવવી હોય તો તેના માતા-પિતાને તે બાબતે મૉટે ભાગે રસ કે ઉત્સાહ હોતો નથી. એમને માત્ર ને માત્ર પોતાની દીકરીને કોઈક સારા ઠેકાણે સારો છોકરો મળે તેની સાથે પરણાવી ગોઠવી દેવામાં જ રસ હોય છે. જમાનો બદલાયો છે. પણ માનસિકતા નથી બદલાઈ. માત્ર પુરૂષોનું કે સાસરિયાનું જ આવું વલણ હોય છે એમ પણ નથી. મોટા ભાગે સ્ત્રીઓની પણ આવી જ માનસિકતા હોય છે, એ જોઈને અનુપા અંદર અને અંદર મૂંઝાઈ રહી છે. પણ પોતાના મનની વાત મોઢે લાવી શકતી નથી. અને એટલે જ વિમળાબા સાથે મળીને મિહિર, વિનીતની દિનચર્યા સાચવવા, એમને ભાવતી વાનગીઓ બનાવી જમાડવામાં એ વ્યસ્ત તો

છે. પણ એ અંદર અંદર મનને પૂછ્યા કરે છે કે વિમળાબા, મિહિર, વિનીત બધાં જ આટલા પ્રેમાળ અને સરસ સ્વભાવના હોવા છતાં પોતાને શું ખટકે છે ? અને એને જે જવાબ મળે છે તે એ છે કે એને મિહિરનો પુરુષ આધિપત્યભાવ નથી ગમતો. તે ઘરમાં કંટાળે છે, તે સમજી જઈને વિમળાબા તેને કુકીંગ, સીવણ કે એવા કોઈ કલાસમાં જવાનું કહે છે. ત્યાં એક પાડોશણ ઢીંગલીઓ બનાવવાના ક્લાસમાં જવાની વાત લઈને આવે છે. થોડી આનાકાની પછી અનુપા ત્યાં જવાનું નક્કી કરે છે. ત્યાં પેલા બહેન કહે છે, બધી ઢીંગલીઓના ડોકા તો એક સરખા જ હોય તેમાં અંદર કાંઈ નથી, ખાલી બહારની ટાપટીપ અને જુદાં જુદાં શણગાર કરો એટલે તે બીજીથી જુદી પડે. અનુપાને થાય છે, બસ આવું જ વાસ્તવ જીવનમાં પણ છે, બધી સ્ત્રીઓ સરખી જ છે, માત્ર બાહ્ય ટાપટીપથી જ જુદી પડે છે. બાકી અંદર બધું ખાલી જ છે. કોઈને પોતાના અસ્તિત્વની કોઈ સભાનતા નથી એકાદ ઢીંગલી બનાવીને તે આ કલાસમાં જવાનું બંધ કરે છે, તેને આ પ્રવૃત્તિ બિનઉત્પાદક લાગે છે. પછી મિહિર તેની કંપનીમાં ડિરેક્ટર બને છે અને અનુપાને દર અઠવાડિયે મોટી મોટી પાર્ટીઓમાં જવાનું અને ઘેર પાર્ટીઓ યોજવાનું ચાલુ થયું. શરૂઆતમાં તેને જાણે તે દરિયાના મોજા પર સવાર થઇ હોય તેમ મઝા આવતી હતી. ઘરમાં હવે નોકરો વધ્યા છે પણ અનુપાને લાગે છે એનાથી ઊલટું તેનું કામ વધ્યું છે, કારણકે એ લોકો શું કરશે કે બરોબર કામ કરી રહ્યાં છે કે નહિ તે જોવાનું કામ તો છેવટે ગૃહિણીને માથે જ  હોય છે.

વચ્ચે એક વાર મિહિર અને વિનીત બહારગામ હતા ત્યારે વિમળાબા રસોડાની સફાઈ કરતાં પડી જાય છે, ત્યારે તેણે એકલીએ પાડોશીની મદદથી વિમલાબાને સારવાર માટે તાત્કાલિક દવાખાને દાખલ કરીને પોતાની કાર્યકુશળતાનો પરિચય પણ આપ્યો છે. એક વાર સર્વે કરવા આવેલા સેલ્સમેનને પતિ મિહિર કહે છે કે, તેની પત્ની કંઈ કરતી નથી, હાઉસવાઈફ છે. આખો દિવસ આટલું બધું કામ કરવા છતાં ઘરકામનું કોઈ મૂલ્ય નથી એ બાબત તેને પીડી

રહી, ત્યારે પહેલી વાર તેના મનમાં એક ખટકો પેદા થાય છે. ત્યાર પછી એના મનમાં સતત અજંપો છે.

મિહિર પોતાનું કામ નિષ્ઠાથી કરી રહ્યો છે અને ઝડપથી પ્રગતિ કરી રહ્યો છે. તે બેએક વર્ષના લગ્નજીવન પછી એક મોટી કંપનીનો ડિરેક્ટર બન્યો છે. આર્થિક રીતે વધુ સધ્ધર થયો છે. હવે તે સતત અનુપાને કહે છે કે હવે ફેમિલી પ્લાનિંગની ગોળીઓ બંધ કરવી જોઈએ, એ બત્રીસનો થયો હવે બાળક થઇ જવું જોઇએ. પણ અનુપાને હજી જિંદગીમાં ઘણું કરવું છે. હા, શું કરવું છે તે અંગે હજી તે સ્પષ્ટ નથી પણ બીજી સ્ત્રીઓની જેમ રગશિયા ગાડા જેવું જીવન એને નથી જીવવું. તે પતિ પાસે ગાડી માંગે છે. પત્નીની ઈચ્છા પુરી કરવા તે આ દરમિયાન એને ગાડી લાવી આપે છે. ગાડી શીખીને ચલાવવી એ અનુપાને માટે ખુબ આનંદનો અને ગૌરવનો વિષય છે. પોતાની પાસે પોતાની ગાડી છે એ ખુશી તે એના ફોઇબા સાથે પણ પત્ર લખીને ગાડી ચલાવતો ફોટો મોકલીને વહેંચે છે. પણ બહુ જલ્દી તેની આ ખુશી ઝુંટવાઈ પણ જાય છે. કીટી પાર્ટીમાંથી ઘેર પાછા આવતા એક ટ્રાફિક સિગ્નલ પાસે ધીમે ધીમે રોડ ક્રોસ કરતી એક વૃદ્ધાને એની ગાડીથી ટક્કર લાગી જાય છે. વૃધ્ધા પડી જાય છે. લોકો તે વૃદ્ધાને ઉભી કરીને રોડની બાજુમાં બેસાડે છે. કેટલાક મવાલી જેવા લોકો તેની ગાડીના કાચ પર હાથ પછાડીને ગમે એમ બોલવા લાગે છે. ગભરાયેલી અનુપા જયારે જુએ છે કે, તે વૃદ્ધાને ખાસ કોઈ ઇજા થઇ નથી ત્યારે રાહતનો શ્વાશ લેતા ટ્રાફિક સિગ્નલ ખુલે છે એવી જ ગાડી ભગાવી મૂકે છે. અને ઘેર આવીને પણ તે વિષે કોઈને કંઇ કહેતી નથી. રાત્રે એ લોકો જમીને સુવાની તૈયારીમાં હતા ને પોલીસવાળો આવીને અનુપા અકસ્માત કરીને ભાગી આવી છે એની  જાણ કરે છે. અને તે વૃધ્ધાને સરકારી દવાખાનામાં દાખલ કરવામાં આવી છે, માટે અનુપાની ધરપકડ કરવા સુધી વાત પહોંચી છે. એમ જણાવે છે.એટલે મિહિર ઇન્સ્પેકટર પાસેથી તે વૃધ્ધાનું નામ-સરનામું મેળવીને એને વધુ સારી સારવાર અપાવવાની ખાતરી આપે છે. અને બીજે દિવસે પોતાના વકીલ સાથે  પોલીસ સ્ટેશન આવી જશે એમ

કહે છે. ઇન્સ્પેકટર કહે છે, અત્યારે તો ભગવાનને પ્રાર્થના કરો કે એ માજીને જલ્દી સાજાં કરે. ઈન્સ્પેકટરના ગયા પછી ગુસ્સે થયેલો મિહિર અનુપાને અપમાન લાગે એવા શબ્દો બોલે છે. મિહિરને એ સમયે પોતાની પ્રતિષ્ઠાની ચિંતા વધુ છે. તેને થાય છે કે આ બધું છાપામાં આવે આવે તો  મારી આબરૂનું શું ? અને તે દિવસે અનુપાને મિહિર વચ્ચે જે ઝઘડો થાય  છે તેને કારણે એમના સંબંધમાં તિરાડ પડે છે.

બીજે દિવસે એ લોકો વકીલ સાથે દવાખાને એ વૃધ્ધાને જોવા જાય છે, ત્યારે તે વૃધ્ધાની દીકરી આક્રોશથી અનુપાનો હાથ પકડીને એને વીંધી નાખતા વેણ કહે છે તે કહે છે, ''મારી માને કંઇ થશે તો... હું તને જીવવા નહિ દઉં શું છે તમારામાં મોટી શેઠાણીઓ ?!  જાવ, જઈને ઊભાં રહો કોઇં ઓફિસમાં ! હજાર રૂપરડી કોઇ તમને પરખાવવાનું નથી. તમારા ભાયડાવના જોરે એશઆરામ કરો તો કરો પણ એમાં અમારા જેવાં ગરીબ માણસોને ઠેબે ઉડાડવાનાં ? "[1]

અનુપાએ  ઝાટકો મારીને તેનો હાથ છોડાવ્યો એ બાઈના કવેણથી એનું અંગે અંગ અપમાનની આગથી બળતું હતું, એમાં જાણે મિહિરે ઘી રેડતો હોય તેમ કહ્યું, "શી ઇસ રાઈટ"[2] . અને અનુપાનું મન બળી ઉઠ્યું. એને થાય છે કે પારકી સ્ત્રી તો બોલે પણ પોતાનો કહી શકાય એવો આ માણસ પણ આટલો ક્રૂર બને ? એ બાઈને તો આઘાત લાગ્યો હતો, થોડા મૂઢમારથી વિશેષ વાગ્યું નહોતું એટલે અનુપાને માથેથી ઘાત તો ટળી અને મિહિરને માથેથી ભાર ઉતર્યો પછી એ હળવાશથી અનુપાની જાંઘ પર થપાટ મારતો બોલ્યો, "નિરાંત થઈ.કાલથી ગાડી બંધ. તને સજા." [3]  આ સમયે આપણને જરૂર ડોલ્સહાઉસનો નોરાનો પતિ યાદ આવી જાય જે નોરાની નાણાંકીય તડફંચીની વાત બહાર આવે તો પોતાને બેંકમાં મળવાનો મોટો હોદ્દો ના મળે એ ડરે નોરાનું અપમાન કરીને તેને ઘરમાંથી કાઢી મુકવા તૈયાર થયો હતો, અને જેવી ખબર પડી કે એવું કંઇ બનવાનું નથી એ જોખમ ટળતાં જ વળી

નોરાને ઘર છોડી જતી અટકાવવામાં પડી જાય છે. અહીં મિહિરનું વર્તન એ હદે તો ખરાબ નથી પણ લગભગ એવું જ છે એમ કહી શકાય. જેમ નોરાના પતિએ એના અહમ પર ઘા કરીને તેને તેના આત્મગૌરવનું ભાન કરાવ્યું હતું, તેમ અહીં પણ અનુપા આ અપમાનથી ખળભળી ઉઠી છે, અને પોતાના આત્મગૌરવની સભાનતા તેને પીડવા લાગે છે.

અનુપાને આઘાત લાગે છે, તે પૂછે છે મિહિરને કે, ગાડી પર એનો કોઈ હક્ક નહિ ? ત્યારે મિહિર એને કહે છે કે, ગાડી એની કમાણીની છે, એમાં અનુપાનો કોઈ હક્ક,બક્ક કાંઈ નહિ, એ એને નહિ મળે બસ. આઘાતથી વલવલતી અનુપા મિહિરને પૂછે છે, એ ઘરમાં ચોવીસ કલાક આટલું બધું કામ કરે છે, એનો કોઈ હક્ક નહિ ? મિહિર એને કહે છે કે, ઘરમાં ચોવીસ કલાક કામ કરનારી સ્ત્રીનું મહેનતાણું રૂપિયા કે પૈસામાં મપાતું નથી. તે દિવસથી આ અપમાનને કારણે તેનો અજંપો ખુબ વધી જાય છે. ઘણા મનોમંથન પછી તેને સમજાય છે કે, આજનું જગત ઉત્પાદક અને કમાનારની જ કદર કરે છે. તેને થાય છે કે, જે બીજા પર નભતાં હોય તેમને ગુસ્સો કરવાનો અધિકાર નથી ને પોતે ય એક ઉપજીવી છે. આમાં મિહિરનો વાંક કાઢી શકાય તેમ નથી, એને તો જે પ્રમાણે ઘડવામાં આવ્યો છે, એક પુરુષ તરીકે. તેમ જ તે વર્તી રહ્યો છે. આ કિસ્સો બની ગયા પછી મિહિર અનુપાની માફી માંગી લે છે ને સમજે છે કે વાત પુરી થઈ ગઈ. પણ અનુપા સતત પોતે શું કરી શકે તેના વિચારમાં છે. અચાનક એક પાડોશીની દીકરીને તેના અભ્યાસમાં મદદ કરતાં તેને પોતાની અંદર ભણાવવાનું કૌશલ્ય છે તે સમજાય છે. તે એક કૉચિંગ કલાસમાં અઠવાડિયાના ત્રણેક દિવસ ભણાવવા જવાનું શરૂ કરે છે. તે પહેલા તે લોકો સાતેક દિવસ માટે નાથદ્વારા અને ઉદયપુર બાજુ ફરવા જાય છે, જ્યાં તેને તેની જૂની બહેનપણી જલ્પા મળે છે. જલ્પા એક મહિલા કૉલેજમાં લેકચરરની નોકરી કરતી હોય છે. ફરીને આવીને અનુપા કોચિંગ કલાસમાં ભણાવવા જવાનું શરૂ કરે છે. તેને આ કામથી પુષ્કળ આત્મસંતોષ મળે છે. જો કે મિહિરને આ પસંદ નથી. એટલે તે

અનુપાના કામમાં સુવિધા રહે એવા કોઈ સમાધાન કરવા તત્પર નથી. પણ વિમળાબા એને સહકાર આપે છે.

પણ એ કૉચિંગ કલાસના સંચાલક પાસે એક વાર તે અઠવાડિયાની રજા લેવા સાંજે જાય છે, ત્યારે કલાસની બીજી શિક્ષિકાઓ ચાલી ગઇ છે, વિદ્યાર્થીઓ પણ ચાલી ગયા છે, તેને એકલી જોઈને તે માણસ તેની સાથે અડપલાં કરે છે, ત્યાંથી પોતાની જાતને બચાવી તે નાસે છે, અને પછી એ નોકરી છોડે છે. બીજે દિવસે એ કલાસના સંચાલકને તે હવે આવવાની નથી તે જણાવવા જાય છે ત્યારે એ માણસને પાઠ ભણાવવાની તેની અદમ્ય ઇચ્છા હોવા છતાં ત્યાં કામ કરતી બીજી સ્ત્રીઓના અસહકારને  કારણે કંઈ જ કરી શકતી નથી.  વળી ઘરમાં બેઠી. એ દરમિયાન એક દિવસ  જલ્પા આવે છે અને તેને જણાવે છે કે તે એકાદ વર્ષ માટે નોકરી છોડીને ભાઈને મદદ કરવાનું વિચારી રહી છે.  અનુપા એને કહે છે કે, તારી જગ્યાએ મને નોકરી અપાવ ને. જલ્પા પોતાના આચાર્યા બહેન સાથે અનુપાનો પરિચય કરાવે છે. અને છેવટે વૅકેશન પછી અનુપાને એ કૉલેજમાં નોકરીમાં જોડાવા માટેનો નિમણુંક પત્ર પણ મળી જાય છે.   જો કે મિહિરને અનુપાની નોકરી કરવાની ઈચ્છા સમજાતી નથી.  એને ઘરરખ્ખુ પત્ની ગમે છે. એ જ સમયગાળામાં વિનીત આગળ અભ્યાસ માટે ફૉરેન જાય છે.  અને એના પછી થોડા જ સમયમાં વિમળાબા બીમાર પડે છે ને તેમને લકવા થઇને એક બાજુનું અંગ જકડાઈ જઈને તેઓ પથારીવશ થઈ જાય છે. બહારથી શાંત રહીને તેમની સેવા કરતી અનુપાના મનમાં પુષ્કળ મનોમંથન ચાલી રહ્યું છે. તેને થાય છે કે હવે પોતે નોકરીએ જઈ શકશે કે કેમ ? પણ જૂન મહિના પહેલા જ વિમળાબા અવસાન પામે છે. અને તે દ્વિધામુક્ત થઈ નોકરીએ જવાનું શરુ કરે છે. પણ છતાં ઘરની અવ્યવસ્થા માટે સતત અપરાધ બોધ અનુભવ્યા કરે છે. મિહિરે તીવ્ર વિરોધ કરવાનો છોડી દીધો છે, છતાં એનો અણગમો અને વિરોધ વ્યક્ત કરવાની એક પણ તક તે ચૂકતો નથી. તેને હવે બાળક જોઈએ છે અને અનુપા ઈચ્છે છે કે એનો પ્રોબેશન પિરિયડ પૂરો થઈ જાય એને તો એને ડીલીવરીની રજા મળે ત્યારે

બાળકનું આયોજન કરવું વધુ યોગ્ય રહેશે. બંને વચ્ચે દેખીતા કોઈ ઝઘડા નથી પણ અંતર વધી રહ્યું છે. અનુપાની મહત્વાકાંક્ષા વધતી જ જાય છે. નોકરીને બે વર્ષ પુરા થવાના હજી છ-એક મહિના બાકી છે તે જ સમયે કૉલેજના નોટિસ બૉર્ડ પર તે એક નોટિસ વાંચે છે અમેરિકન સરકાર તરફથી પોલિટિક્સ અને ઇકોનોમિક્સ વિષય માટે એક વર્ષ માટે સ્કોલરશીપની. એમાં એક વર્ષ અમેરિકા રહેવાનો, ટ્યૂશન ફી વિગેરેના ખર્ચનો સમાવેશ થતો હતો, જનારે આવવા-જવાનું ભાડું પોતે ખર્ચવાનું. અનુપાનું મન થનગની ઊઠે છે, આ તકનો લાભ લેવા. તેણે ઘણી દ્વિધા સાથે આ વાત મિહિરને કરી, પોતાને જવાની ઈચ્છા છે, એમ જણાવ્યું. મિહિરે તારે જવું હોય તો જઈ શકે છે એમ કહી દીધું. અનુપાને વિશ્વાસ નથી આવતો તે પૂછે છે, સાચે જ ? એટલે મિહિર કહે છે કે તને મારી ના પડી હોય તો મારે તારી ચિંતા કરવાની શી જરૂર ? મિહિરની નારાજી સમજતી હોવા છતાં તેણે અરજી કરી દીધી. અને તેને તે સ્કૉલરશિપ મળી પણ જાય છે. આ સાંભળી મિહિર અનુપાને કહે છે, "જા જ્યારે આવવું હોય ત્યારે આવજે.ન આવવું હોય તો..." બંને વચ્ચે વાતચીતની બધી દિશાઓ બંધ થઈ ગઈ. અનુપાને થાય છે, મારી જગ્યાએ મિહિરને જવાનું હોત તો હું તેને આમ અટકાવવાનો પ્રયાસ કરત ? શા માટે મિહિર એની ઈચ્છાને સમજતો નથી?

છેવટે જવાનો સમય નજીક આવતો જાય છે તે પહેલા અનુપા એક મોટો નિર્ણય લે છે, મિહિરથી છૂટા થઇ જવાનો. જલ્પા અનુપાને સમજાવવાની ખુબ કોશિશ કરે છે, બંનેના વકીલ પણ સમાધાનનો પ્રયાસ કરે છે. પણ બધું વ્યર્થ જાય છે. અનુપા છૂટાછેડા લઇને અમેરિકા જતી રહે છે. જલ્પા બહુ દુઃખી થાય છે. મિહિર કશું બોલતો નથી. એકના બદલે બે વર્ષે અનુપા અમેરિકાથી પાછી ફરે છે. પછી તે બિંદીબહેન કરીને એક સામાજિક કાર્યકર્તાના આગ્રહથી તેમના દ્વારા સંચાલિત મહિલા આશ્રમમાં રહેવા જાય છે. ત્યાં એ આશ્રમમાં વિધવા, ત્યક્તા, છૂટાછેડાવળી તો કોઈ સાસરિયાથી દુઃખી થઇને ઘર છોડીને નીકળી હોય, કોઈને કોઈ સહારો જ ના હોય એવી અનેક સ્ત્રીઓ છે.

બિંદીબહેનની જે સંસ્થા 'સ્વાશ્રય'માં તે રહે છે, ત્યાં પણ તેને ફાવતું નથી. કારણકે જે ઘર, રસોડાથી ત્રાસીને તેણે છૂટાછેડા લીધા છે, તે રસોડું અહીં પણ તેને વળગે છે. અહીંના નિયમ મુજબ અહીં રહેતી દરેક સ્ત્રીએ આશ્રમની વિવિધ પ્રવૃત્તિઓમાં નિશ્ચિત કરેલા સમયપત્રક મુજબ ફરજ બજાવવાની છે. જેમાં અઠવાડિયામાં બે વાર રસોઇ કરવાનો પણ વારો છે. છેવટે તેને બિંદીબહેન જોડે વિવાદ થાય છે અને તે આશ્રમ છોડવાનું નક્કી કરે છે. અહીં લક્ષ્મી કરીને ગરીબ બાઈ છે, જેને મદદ થાય અને પોતાને કામમાંથી છુટકારો મળે તે માટે અનુપા તેને પોતાના ભાગનું કામ કરવા બસોએક રૂપિયા આપતી હતી. અને વચ્ચે લક્ષ્મીના રૂમમાં બીજા એક બહેન બીમાર હતા, તેથી પંખો ચાલુ કરી શકાય તેમ નહોતો તો અનુપાએ લક્ષ્મીને પોતાના રૂમની ઓસરીમાં સુઈ જવાની છૂટ આપી. એક વાર વાત-વાતમાં તેણે બિંદીબહેનને કહેલું કે જયારે તેની સંસ્થાની પોલિટેક્નિક ચાલુ થશે ત્યારે તે આ અહીંની બધી અભણ બહેનોને કોઇને કોઇ વ્યવસાયિક કૌશલ્ય શીખવી તેમને કામધંધે વળગાડશે. બિંદીબહેન કડવાશથી હસીને કહે છે, એવું બધું કરવાની કોઇ જરૂર નથી બધી નોકરિયું કરવા જશે તો અહીં આશ્રમમાં રાંધવાનું, અને સાફસફાઇનું કામ કોણ કરશે ? અને વીજળીના ઝબકારે બધું દિવા જેવું સ્પષ્ટ થઇ જાય તેમ અનુપાને થાય છે કે આ આશ્રમ પણ જાણે સમાજની નાની પ્રતિકૃતિ છે. જયારે સ્ત્રી ઘર છોડવાની, નોકરી કરવાની કે ભણવા માટે બહાર જવાની વાત કરે છે ત્યારે તેનો પતિ દાંત પીસીને કહી દે છે કે, તું ઘરમાં નહિ હોય તો રાંધવું , બાળકો ઉછેરવા, ઘર સાફસૂફ રાખવું, વડીલોને સાચવવા વિગેરે કોણ કરશે **?**અમે પણ જે સારું કમાતી સ્ત્રીઓ છીએ તે ય અહીં આશ્રમમાં એવું જ પતિઓ જેવું જ વર્તન કરીએ છે ને ! એને થાય છે કે, એનો અર્થ થયો કે આમાં પુરુષના વાંક કરતાં સમાજવ્યવસ્થાનો અને માનવ સ્વભાવનો વાંક વધુ છે. જે કમાઇને લાવે છે તે પોતાનું આધિપત્ય સ્થાપવા ઉત્સુક રહે છે.

અનુપા ત્યાર પછી આશ્રમની તેને રસ ના પડતો હોય તેવી સામુહિક પ્રવૃત્તિઓ જેમ કે ભજન કરવામાં જોડાવાનો સ્પષ્ટ વિરોધ કરે છે એના બીજે જ દિવસે, બિંદી પોતાની સામે પડેલી અનુપાને તોડી પાડવા તેની અને લક્ષ્મી વચ્ચે લેસ્બિયન સંબંધ હોવાનો આરોપ મૂકે છે. અનુપાને ખુબ આઘાત લાગે છે.તેને થાય છેકે આવું સાંભળવા તેણે ઘર છોડ્યું હતું ?

અમેરિકાથી આવ્યા પછી તેની કાર્યનિષ્ઠાને કારણે અનુપાને કૉલેજમાં વાઇસ પ્રિન્સીપાલનું પદ પણ મળ્યું છે. અને ટૂંક સમયમાં પ્રિન્સિપાલ નિવૃત્ત થવાના છે, તે અનુપાને કહે છે, તારું નામ ટ્રસ્ટીઓની ગુડ બુકમાં છે, વળી કેટલુંક નવું દાન આ સંસ્થાને મળવાનું છે, માટે આગળ કૉલેજની નવી શાખાઓનો વિસ્તાર કરીને મહિલા પોલિટેક્નિક કૉલેજ પણ ચાલુ કરવાના છે. માટે તું પ્રિન્સિપાલના પદ માટે અરજી કર. અનુપા ખુશ છે. તે અરજી કરે છે, ઇન્ટરવ્યૂ થાય છે સરસ ઇન્ટરવ્યૂ થવા છતાં એના મેરિટલ સ્ટેટસને કારણે તેને આ હોદ્દો અપાય કે નહિ એવો પ્રશ્ન ત્યાં ચર્ચાય છે. નવા ટ્રસ્ટીમાં કેયા છે, અનુપાની જૂની પરિચિત, મિહિરના કલાયન્ટની પત્ની. બે વ્યક્તિના એના ચારિત્ર્ય અંગેના પ્રમાણપત્રો લાવવાનું તેને કહેવાય છે, એમાં એક એના પતિનું લાવવાનું એવું કહેવામાં આવે છે. કેયાએ તેને મદદ કરવાના ઉદ્દેશથી જ મિહિરનું પ્રમાણપત્ર લાવવાનું કહ્યું છે, જેથી કોઇને કંઇ બોલવાનું જ ના રહે. ઇન્ટરવ્યૂ પહેલાના સમય દરમિયાન તેને મિહિરની એકલતા વિષે વિચાર આવ્યા હતા. તેને એક વાર સ્વપ્નમાં મિહિર પર વાંદો ચડતો દેખાય છે. તે ઝપટ મારીને પાડવાનો પ્રયાસ કરે છે પણ વંદો ઉપર ચડતો જ રહે છે. અનુપાની આંખ ખુલી જાય છે. એને થાય છે કે આનો અર્થ એ કે મારા અજાગ્રત મનમાં હજી ક્યાંક મિહિરની ચિંતા છે. બીજી બાજુ તેની બહેનપણી જલ્પાની એકલતા પીડા જોઇને તેને થાય છે કે મિહિર અને જલ્પા જો એક-બીજા સાથે જોડાય તો સુખી થાય. કારણકે મિહિરને ઘરરખ્ખુ પત્ની જોઇતી હતી. અને જલ્પાને બહાર કંઇ કરવા કરતા ગૃહિણી થઈને ઘર સાચવવાની અદમ્ય ઇચ્છા હતી. પણ તે શામળી હોવાને કારણે તેના લગ્ન થતા નહોતા. અને તેની ઉંમર ઘણી વધી ગઇ છે, બીજી બાજુ તેના ભાઇ-

ભાભી બે બાજુથી તેનું આર્થિક શોષણ કરી રહયા હતા. તેની કૉલેજની નોકરી છોડાવીને ભાઈએ તેને પોતાની સાથે સહાયક તરીકે કામે લગાવી હતી, જેના બદલામાં તેને તે કોઇ આર્થિક વળતર આપતો નહોતો. વળી ઓફિસેથી થાકીને તે ઘેર આવે ત્યારે ભાઈ-ભાભી પોતાના બાળકો તેને હવાલે કરીને બહાર હોટેલમાં જમવા કે ફરવા ચાલ્યા જતાં હતાં. ઇન્ટરવ્યૂમાં અનુપાની પાસે મિહિરનું પ્રમાણપત્ર માંગવામાં આવતાં તેને પહેલા તો થાય છે કે, હવે શું કરવું ? પણ પછી થાય છે કે એક વાર મિહિરને  પ્રમાણપત્ર માટે મળું અને સાથે એને જલ્પા સાથે પરણવા માટે પણ વિચારવાનું કહું. આ પ્રસ્તાવ તે જલ્પાને ફોન કરીને જણાવે પણ છે.

પછી તે મિહિરને ફોન કરીને મળવાનું જણાવે છે. મિહિર તેને કહે છે કે, આપણા ફ્લૅટ પર મળીએ. હજી મિહિર મારા ફ્લૅટ ને બદલે આપણો ફ્લૅટ કહે છે. એના પરથી એની માનસિક અવસ્થા સમજી શકાય છે. તે જ્યારે મિહિરને મળવા જાય છે, ત્યારે મિહિરને જોઇને ચોંકી જાય છે. મિહિરના માથાના વાળ ખુબ ઉતરી ગયા છે, આંખોની આસપાસ કાળા કુંડાળા થઇ ગયા છે, કપડાને ઈસ્ત્રી નથી. આ બધું કેમ આવું છે, એવા પ્રશ્નો એક પછી એક અનુપાને હોઠે આવીને અટકી જાય છે.

મિહિર તેને ચા પીવા અંગે પૂછે છે, અને પછી ચા બનાવવા રસોડામાં જાય છે. તેની પાછળ અનુપા પણ રસોડામાં જાય છે. બધું જેમનું તેમ તે છોડી ગઈ હતી તે જ અવસ્થામાં હતું. મિહિરે અહીં નોકર તો રાખેલો છે, પણ મિહિર અહીં બહુ આવતો નથી, કંપનીના ફ્લૅટ પર જ રહેતો હોય છે એટલે નોકર અહીં કંઇ ધ્યાન રાખતો નથી. રસોડામાં ચારે બાજુ ધૂળ છે. બંને ચાના કપ લઈને બહાર જઈને બેસે છે, ત્યાં બેલ વાગે છે. જલ્પા આવે છે. અને અનુપાને તેને જોઇને મનમાં જરા ખટક્યું. તેને થાય છે, જલ્પા ભારે અધીરી, હું ગોઠવી જ આપત, પણ હજી મેં ય ક્યાં પૂરેપૂરું નક્કી કર્યું હતું ? પણ પછી થાય છે કે એક રીતે સારું થયું બે ય ની

હાજરીમાં વાત થઈ જશે. મિહિરની જવાબદારી જલ્પાને સોંપીને પોતે ભલામણપત્ર લઈને નવી જવાબદારી સ્વીકારશે.

પણ એ પહેલાં જલ્પા તેને રસોડામાં ચા કરવાને બહાને લઇ જઇને રડતાં રડતાં પોતાને મિહિર સાથે લગ્ન નથી કરવું એમ કહે છે. તેની ભાભીને બ્રેસ્ટ કેન્સર થયું છે ને તેમની બેદરકારીને લીધે તે ખુબ વધી  ગયું છે, એટલે પોતાના ભાઈના બાળકોને નોંધારા છોડીને જલ્પા પોતાના સુખનો વિચાર કરવા માંગતી નથી. અને પછી તે ચાલી જાય છે. અનુપા મિહિરને પોતાના ઇન્ટરવ્યૂની વાત કરી તેની પાસે  મિહિરે આપેલું ચારિત્ર્યનું અને ગુણોની કદર કરતું  પ્રમાણપત્ર માંગવામાં આવ્યાની જાણ કરે છે. મિહિરને આશ્ચર્ય થાય છે કે, અનુપાની આટલી લાયકાત, નિષ્ઠાપૂર્વકની કામગીરીને લક્ષમાં રાખવાને બદલે આ લોકો મિહિરના પ્રમાણપત્રની અપેક્ષા રાખે છે, એને થાય છે કે તે લોકો ક્રેઝી છે. પહેલા મિહિર એને ગંભીરતાથી પૂછે છે કે શું લખી આપું, એમ લખું કે તું બહુ સારી પત્ની હતી કે આ તારી કેરિયરનો સવાલ છે ને એમાંથી જ આ બધી સમસ્યાઓ ઊભી થઈ છે ? અનુપાની આંખો સજળ થઈ જાય છે. તે પૂછે છે કે, એનો અર્થ કે  તમે રેફરન્સ નહિ આપો. મિહિર ઢીલી  પડી ગયેલી અનુપાનો હાથ હાથમાં લઈને કહે છે, જરૂર આપીશ, તું કહે તો જાતે આવીને આપી જાઉં. અનુપાને ખુબ રડવું આવી જાય છે, મિહિર પણ બહાર ગેલેરીમાં જઇને રડી પડે છે. થોડી વારે તે સ્વસ્થ થાય છે. અને અનુપાને અભિનંદન પાઠવતા કહે છે, મને તારા માટે ગર્વ છે. હું કાલે જ પ્રમાણપત્ર મોકલી આપીશ. અનુપા જવા માટે રજા માંગે છે, મિહિર એને હા પાડે છે. તે જવા માટે  દરવાજો ખોલે છે ને પાછળથી મિહિરનો અવાજ આવે છે, "જો ને અનુ, હું તને  કહેવાનું ભૂલી ગયો.હવે મેં સાંજના તાજી કોથમીરની ચટણી ખાવાનું છોડી દીધું છે..."[4] અનુપાનો ઊંચકાયેલો પગ અધ્ધર જ રહી જાય છે. તે પોતાની જિંદગીમાં લગ્ન, કુટુંબજીવન, ઉંબર બહાર અને છૂટાછેડાના ચાર પગલાં ભરી ચુકી હતી. ને હવે સ્વવિકાસ તરફનું આ પાંચમું પગલું ...એ શું કરે ? તે અનુરાધા ગુપ્તાને પૂછે છે, બોલો મેં શું કર્યું હશે ?

પાછી વળીને મિહિરનું ઘર સંભાળ્યું  હશે કે ત્યાંથી બહાર નીકળી ગઈ હોઈશ ? પરિસંવાદ પુરો થઇ ગયો છે, અને હવે છૂટા પડવાનું છે. અનુપા અનુરાધા ગુપ્તાને પોતાની ગાડીમાં લિફ્ટ આપે છે. અને રસ્તામાં તેમને પોતાને ઘેર કૉફી પીવા નિમંત્રણ આપે છે. અનુરાધાને જાણવાની ઉત્સુકતા છે કે અનુપાએ શું કર્યું હશે, એટલે એને ઘેર જાય છે. અનુપા પોતાની કૉલેજની ઉપર તેને આપવામાં આવેલા ક્વાટર્સ પર તેમને લઇ જાય છે. માત્ર જરૂરી સાધનોથી સુસજ્જ તેનો ફ્લૅટ પ્રભાવિત કરે તેવી સુરુચિપૂર્ણ છતાં સાદી સજાવટથી શોભે છે. ઘણાં  પુસ્તકો વૉલ યુનિટમાં ટી.વી.ની આજુબાજુની જગ્યામાં હતાં. સામેની ટીપોય પર વિમળાબા, પપ્પા, વાલીફોઇ, મિહિર-અનુપા અને વિનીતના ફોટા ગોઠવાયેલા હતા. એ લોકો કૉફી પીને વાતો કરતાં હોય છે. એ દરમિયાન અનુરાધા ગુપ્તા અનુપાની કથાના જુદાં-જુદાં અંત કલ્પીને અનુપાને સંભળાવે છે. અનુપા રમૂજભર્યું મલકાયા કરે છે. ને ત્યારે હાથમાં ચાવી સાથે મિહિર આવે છે, અને તેની વાતથી અનુરાધા ગુપ્તાને ખબર પડે છે કે અનુપાએ મિહિરનું ઘર ભલે છોડ્યું,  મિહિરને પોતાના ઘર સુધી ખેંચી લાવી છે. મિહિર કુક બૂકમાંથી જોઈને પુલાવ-કરી બનાવીને એમાં નાખવા કોથમીર લેવા ગયો હતો. ટૂંકમાં બે ય હવે ખરા અર્થમાં સહજીવન જીવતાં સહચર બન્યા હતા. અને બે દિવસ પછી ઘેર આવી હોવા છતાં અનુપાનું ઘરચોખ્ખું છે. કારણકે નોકરી કરતી ગૃહિણી પર વધારાનો બોજ ના પડે એટલે જ તેમણે જરૂર પૂરતું ફર્નિચર અને સાધનો વસાવ્યા હતાં. આમ મિહિર-અનુપાની વાત તો અહીં પુરી થાય છે. પણ એની સાથે લેખિકાએ આ કથામાં જે સંબંધોના તાણાવાણા વણ્યા છે તે જોવા જેવા છે.

હવે સહુ પ્રથમ અનુપાના જુદી જુદી વ્યક્તિઓ સાથેના સંબંધને તપાસીએ તો, એનો અને મિહિરનો શરૂઆતના તબક્કાનો સંબંધ ઉપરછલ્લો છે. એક સાધારણ પતિ-પત્ની જે રીતે જીવનની શરૂઆત કરે તેવી જ એમના જીવનની શરૂઆત હતી. પણ બંનેના ભિન્ન દૃષ્ટિકોણને કારણે બંને વચ્ચે અંતર ઘટવાને બદલે વધતું જાય છે. એનું મુખ્ય કારણ છે,

મિહિરને  વિમળાબા જેવી સીધીસાદી પરંપરાગત જીવન જીવતી ઘરરખ્ખુ પત્ની જોઈતી હતી, જે મિહિરની ખુશીમાં ખુશ થાય, મિહિરની સિદ્ધિને પોતાની ગણીને પોરસાય અને મિહિરને કેન્દ્રમાં રાખીને જીવે. જયારે અનુપાને તેનાથી વિપરીત પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ વિકસાવવામાં રસ છે. તેને મિહિરની સિદ્ધિથી સંતોષ નથી તેને તેની પોતાની સિદ્ધિ જોઈએ છે, તેના પોતાના રૂપિયા, પદની મહત્વાકાંક્ષા છે. તેણે  એક તબક્કે એટલે જ  જલ્પાને કહ્યું હતું કે, આ સમાજમાં ઘર રચનાર કરતાં પૈસા કમાનાર પુરુષનું વર્ચસ્વ છે, એટલે સ્ત્રીને જો શક્તિશાળી બનવું હોય તો તેને આર્થિક રીતે પગભર થવું જરૂરી છે. એવું એને લાગ્યું એટલે એણે  કૉલેજમાં નોકરી શરૂ કરી, પણ નોકરી કરતાં કરતાં તેણે જોયું કે તેની સાથે નોકરી કરતી સ્ત્રીઓ આર્થિક પગભર હોવા છતાં તેમની સ્થિતિ તો દ્વિતીય દરજ્જાની જ હતી. તેમને કોઈ મહત્વાકાંક્ષા સેવવાનો અધિકાર નહોતો, કારણકે તેઓ ઘર તરફ જરાય દુર્લક્ષ સેવે તે પરિવારને કે સમાજને મંજુર નથી હોતું. એટલે તે ઘર છોડીને નીકળી ગઈ. તે પરંપરાગત માનસિકતા ધરાવતા મિહિરની માનસિકતા બદલવા સક્ષમ નહોતી અથવા એમ પણ કહી શકાય કે પોતાની મહત્વાકાંક્ષા પુરી કરવા માટે મિહિર બદલાય એટલી રાહ જોવાની તેનામાં ધીરજ નહોતી. જે હોય તે એ મિહિરને ધિક્કારતી નથી. એને મિહિર માટે મૈત્રી ભાવ છે, માટે જ તે મિહિરને અનુરૂપ માનસિકતા ધરાવતી જલ્પા સાથે તેને ગોઠવી દેવા માંગે છે. પણ જયારે તે પોતાની માટે પ્રમાણપત્ર માંગવા સાથે એ જ વાત કરવા મિહિર પાસે જાય છે ત્યારે અચાનક જલ્પાનું ત્યાં આવવું તેને ખટકે છે. કારણકે એણે ભલે જલ્પાને કહ્યું હોય, પણ હજી કદાચ એના મનમાં ક્યાંક મિહિરનું  સ્થાન છે જ. અને તેના પરિણામરૂપે જ ફરી એક વાર તેમનું સહજીવન સંભવિત બને છે. અનુપા વિનાના જીવનમાં કદાચ મિહિર અનુપાના કામની કિંમત સમજી શક્યો છે, અનુપાએ જે સિદ્ધિ મેળવી તેનો તેને ગર્વ છે અને એટલે જ તે બદલાયો છે, કારણ કે તેને અનુપા સાથે જ જીવવું છે.

બિંદી અને તેના સ્વાશ્રય આશ્રમમાં રહેતી મોટાભાગની સ્ત્રીઓનો અભિગમ પુરુષવિરોધી છે. એ બધી સ્ત્રીઓ કોઈને કોઈ રીતે પુરુષોના શોષણ કે દગાનો ભોગ બની છે. પણ અનુપાની વાત તેમના કરતાં જુદી હતી. તેના કિસ્સામાં તેણે મિહિરને છૂટાછેડા આપવા ફરજ પાડી હતી. કારણ કોઈ બીજો પુરુષ કે સ્ત્રી નહિ, પણ એની મહત્વાકાંક્ષાઓ હતી. એને પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ ઘડવું હતું.

વાલી ફોઈ સાથેના અનુપાના સંબંધો ગુરુ-શિષ્યા જેવા હતા. જયારે જયારે અનુપા મૂંઝાઇ છે, ત્યારે ત્યારે તેણે વાલીફોઈને પત્ર લખીને પોતાની મૂંઝવણ જણાવી છે. વાલીફોઈએ ક્યારેક રસ્તો ચીંધ્યો છે, તો ક્યારેક એના પોતાના અનુભવમાંથી શીખીને જાતે નિર્ણય કરવા પ્રેરી છે. કદી કોઈ આદેશ આપ્યો નથી. છેલ્લે જયારે તે છૂટાછેડા લેવાનું નક્કી કરે છે ત્યારે તે અગાઉથી જણાવતી નથી પણ છૂટાછેડા માટે અરજી કર્યા પછી તેમને જાણ કરે છે. ત્યારે પણ તેમણે અનુપાને સમજાવવા આવવાની ઈચ્છા પર કાબુ રાખીને અનુપાને જ પોતાનો નિર્ણય લેવા દીધો. છતાં તેઓ પત્રમાં અનુપાને એટલું તો પૂછે છે જ કે, તમે બધી ભણેલી સ્ત્રીઓ આમ ઝંડો લઈને નીકળી પડશો તો પછી આ સંસારનું શું ? તમે કદાચ ઘર છોડી જશો પણ એથી સ્વભાવ થોડો બદલાવાનો છે ? તેમનું કહેવું એમ છે કે પરિસ્થિતિ બદલાય નહિ, માત્ર પાત્ર બદલાય. એમની આ વાતને એ બિંદી બહેનના સ્વાશ્રય આશ્રમમાં સમજે છે. જયારે તેને ખ્યાલ આવે છે કે ઘરમાં જેમ મિહિર તેની પર શાસન કરતો હતો તેમ આશ્રમમાં વધુ કમાતી સ્ત્રીઓ ઓછું કમાતી સ્ત્રીઓ પર શાસન કરી રહી હતી.

વિમળાબા સાથેના અનુપાના સંબંધો સાસુ-વહુ કરતાં મા-દીકરી જેવા વધુ હતાં. કારણકે વિમળાબાએ તેને પ્રેમથી પોતાના દીકરાઓની જ સમકક્ષ માનીને સ્વીકારી લીધી હતી. તે પરંપરાગત જીવનશૈલી ચોક્કસ ધરાવતાં હતાં પણ હઠાગ્રહી કે જક્કી નહોતાં. બીજાની દૃષ્ટિને, અભિપ્રાયને સ્વીકારવાની તેમની તૈયારી હતી.માટે જ અનુપાને જયારે પાડોશણ

શિખામણ આપે છે કે ગામમાં ઘર છે ને તો સાસુને મોકલી દે ગામ. ત્યારે અનુપા ક્યારેક વિમળાબાના વિચારોથી અકળામણ થતી હોવા છતાં તે બાબતે વિચારી નથી શકતી. ઊલટું વિમળાબાને મોઢે એક વાર તે જાણે છે કે, તેમને બાસુદી બહુ ભાવે પણ મિહિરને વિનીત બે ય ને નથી ભાવતી માટે ઘરમાં આવતી કે બનતી નથી. ત્યારે તે વિમળાબા માટે આગ્રહપૂર્વક બાસુદી લઇ આવે છે ને, તેમને સમજાવે છે કે, જેમ દીકરાઓને એમની પસંદનું તેઓ જમાડે છે, એ જ રીતે તેમણે પોતાની પસંદનું  જમવું એમાં કંઇ જ ખોટું નથી. અંત સુધી મનમાં અવઢવ હતી છતાં બીમાર વિમળાબાની ચાકરી તેણે સાચા દિલથી દીકરીની જેમ કરી હતી. હા એક જ બાબતે એ વિમળાબા અને મિહિરની વાતથી ચીડાતી તે બાળકની માંગણીથી. તેમાં ય પાછું દીકરાનો જ આગ્રહ તેને ઉશ્કેરતો. વિનીત સાથેના તેના સંબંધો અંત સુધી મિત્રવત જ રહ્યા.

જલ્પા માટે તેને સહાનુભૂતિ છે. જલ્પા પરણવા ઈચ્છતી હોવા છતાં પરણી શકતી નહોતી એ માટે પુરુષોના ગોરી છોકરીઓના આગ્રહો, જલ્પાના ઘરનાની એને પરણાવવા માટેની ઉદાસીનતા, જલ્પાનું સગા ભાઈ-ભાભી દ્વારા થતું આર્થિક શોષણ વિગેરે જવાબદાર હતા, એ બાબતોની તે જલ્પા સાથે ચર્ચા પણ કરતી ને દુઃખી જલ્પાને પોતાના ઘરે બને એટલી સાંત્વના આપવાનો પ્રયાસ પણ કરતી.અને એના પ્રત્યેની અનુકંપાને કારણે જ તેને મિહિર સાથે પરણાવવાનો વિચાર તેના મનમાં આવે છે. સાથે પોતે મિહિરનું ઘર છોડીને મિહિરને દુઃખી કર્યો છે એ ક્ષતિની પૂર્તિ કરવાની ઈચ્છા પણ અનુપાના અજાગૃત મનમાં  હોય તો નવાઈ નહિ.

બિંદીબહેન સાથે તેને જલ્પાને કારણે પરિચય થાય છે. ને તે અમેરિકાથી પાછી આવે છે ત્યારે બિંદીબહેન તેને આગ્રહપૂર્વક પોતાના સ્વાશ્રય આશ્રમમાં રહેવા લઈ જાય છે. ત્યારે એના મનમાં આવા કોઈ આશ્રમમાં રહેવા અંગે અવઢવ હતી. કારણકે તેના મનમાં હતું કે, આવા

આશ્રમોમાં તો નિરાધાર સ્ત્રીઓ રહે, પણ તે કંઇ નિરાધાર નહોતી. તે ત્યાં ગયા પછી શરૂઆતમાં આશ્રમના નિયમોનું ભલે અનિચ્છાએ પણ નિષ્ઠાથી પાલન કરે છે. પણ છેવટે તે પણ બીજી સધ્ધર સ્ત્રીઓની જેમ લક્ષ્મી જેવી ગરીબ સ્ત્રીઓને બસોએક રૂપિયા આપીને પોતાના ભાગનું કામ કરાવી લે છે. અને છતાં તે જ્યારે જુએ છે કે, બિંદીબહેનને પોતાનું શાસન યેનકેન પ્રકારેણ બધી સ્ત્રીઓ પર સ્થાપવું છે, ત્યારે તે તેમની શેહમાં જરાય આવ્યા વિના તેમની સત્તાને અવગણે છે.અને છેવટે પોતાને મળેલા ક્વાટરમાં રહેવા જતી રહે છે. તેને મિહિર સામે વાંધો નહોતો.વાંધો હતો ઘરની સંપૂર્ણ જવાબદારી ગૃહિણીની જ હોય એ માન્યતા સામે. એટલે જ જયારે મિહિરે અનુકૂલન સાધવાની તૈયારી બતાવી તો એ મિહિરને ખુશીથી પોતાની સાથે રહેવા લઈ આવે છે. અને પોતાની અધૂરપને પૂર્ણ કરે છે. એકલો માત્ર મિહિર જ નહોતો પડી ગયો અનુપા પણ એકલી તો પડી જ ગઈ હતી. પણ તે એકલતાને તે સ્વતંત્રતાની કિંમત તો ચૂકવવી જ પડે એમ માનીને સ્વીકારી લેવા તૈયાર હતી.

અનુરાધા ગુપ્તા સાથે ચાલુ પરિસંવાદમાં પણ અનુપાની વાતો ચાલતી રહે છે. એ દરમિયાન પેપર્સ વંચાતા રહે છે. એમાં અનુરાધા ગુપ્તાના માનવા મુજબ આવા કેટલાય પરિસંવાદમાં કેટલાય પેપર્સ વંચાયા હશે. એનાથી  સ્ત્રીની સ્થિતિમાં કોઈ ફેર પડ્યો નથી. પરિસંવાદમાં કે આશ્રમમાં પણ જ્યારે પુરુષ વિરોધી ઉદ્ગારો સાંભળવા મળે ત્યારે ક્યાંય અનુપાનો પુરુષ વિરોધી અભિગમ જોવા મળ્યો નથી. એનો વિરોધ પુરુષ સામે નથી જડ સમાજ વ્યવસ્થા સામે છે એમ કહી શકાય.

અંતે આ નવલકથા અંગે જરાક જુદા દૃષ્ટિકોણથી અપાયેલો દક્ષા વ્યાસનો અભિપ્રાય ટાંકુ છું, એમના મતે આ સાચા અર્થમાં સ્ત્રી-પુરુષ બે ય તરફથી સાહચર્ય માટે ભરાતાં પાંચ પગલાંની વાત છે, માત્ર અનુપાના જ પાંચ પગલાંની વાત અહીં નથી અનુપાની સાથે સાથે મિહિરે પણ

સમજપૂર્વક પાંચ પગલાં ભર્યા છે, એ પણ પોતાની ભૂલોમાંથી શીખ્યો છે માટે જ નવલકથાને અંતે બંનેનું સહજીવન શક્ય બને છે.

દક્ષા વ્યાસ પરબમાં આ નવલકથા વિશેના પોતાના લેખમાં કહે છે,

"કથામાં પૃથ્વી પર પાંચ પગલાં અનુપા જ ભરતી નથી, મિહિર પણ ભરે છે. તેથી પગલે પગલે બંધનો શિથિલ થતાં જાય છે. મિહિરનું પ્રથમ પગલું, "તમને મિસિસ મિહિર બનવું ગમશે?" એ પ્રશ્નથી આરંભાય છે. એ પગલાથી શરૂ થયેલી યાત્રા એના અંતિમ પાંચમા પગલા - "તમે અનુપા જ રહો, હું મિહિર જ" - આગળ વિરમે છે. પ્રત્યેક પગલે ઉભયની તાવણી થાય છે. મિહિર મનની માનેલી સાથે દાંપત્યજીવન શરૂ કરે છે, બાળક ઝંખે છે ; પરંતુ આક્રમક બનતો નથી. અનુપા માનસિક રીતે તૈયાર થાય માટે ધીરજ ધરે છે. પોતાને ન ગમતું હોવા છતાં તેને નોકરી કરવા દે છે અને અનિચ્છાએ છૂટાછેડા પણ આપે છે. એકલો પડતાં પાર્ટીમાં અને મિત્રોમાં ખુવાર થવાનો પ્રયોગ કરી જુએ છે, દયાજનક એકલતા વચ્ચે જીવે છે. અનુપા પાછી આવે એવું તીવ્રતાથી ઝંખે છે. 'સ્વાશ્રય'ના નિવાસ દરમિયાન અનુપાને ત્યાંના નીતિનિયમોની ગુલામી કરતાં મિહિરની ગુલામી સારી લાગે છે. એની દુર્દશાથી એ વ્યથિત છે. પ્રેમલગ્ન નથી, છતાં ઉભયનાં અંતરનો તાર પ્રચ્છન્નપણે એકબીજા માટે ખેંચાતો રહે છે. બંનેને એ જ બળ ને પ્રેરણા આપે છે. એની પરાકાષ્ટા અનુપાના પાંચમા પગલા નિમિત્તે થયેલા ઉભયના મિલન-પ્રસંગમાં માણવા મળે છે. લેખિકાએ બહુ જ નાજુક છતાં સયંમિત કલમે એ પ્રસંગ આલેખ્યો છે." [5]

**આ નવલકથાની નારી સંવેદનાઓ અને નારી સમસ્યાઓ :**

આ નવલકથાની મુખ્ય સમસ્યા છે : લગ્નજીવનમાં સ્ત્રી માટે અવકાશનો અભાવ. આપણી ભારતીય જીવન શૈલી મુજબ સ્ત્રીના જીવનની ઇતિશ્રી ઘર-વરમાં  થઈ જાય છે, એમ મિહિર જેવો ભણેલો-ગણેલો પુરુષ ય માને છે, તો સામાન્ય પુરુષોની વાત શું કરવી ? પોતાના પતિથી સ્વતંત્ર પત્નીને પણ પોતાની ઓળખ વિકસાવવી હોય તે વાત હજી આપણા સમાજમાં સ્વીકૃત નથી. કદાચ આર્થિક જરૂરિયાતને કારણે સ્ત્રીને નોકરી કરવા મોકલાય તો પણ તેની નોકરી ઘરની વ્યવસ્થાને અડચણરૂપ ના બનવી જોઇએ એવો હઠાગ્રહ ઘરના પુરુષનો હોય છે. પુરુષ નોકરી કરે તેની બધી વ્યવસ્થા ઘરમાં સ્ત્રી સાચવે પણ નોકરી કરતી સ્ત્રી જો પુરુષ પછી ઘેર આવે, પુરુષને પોતાના કામ જાતે કરવા પડે તો તરત જ સ્ત્રીને નોકરી કરવાની ના પાડી દેવાય. સ્ત્રીને પોતાના સ્વપ્ન, પોતાની મહત્વાકાંક્ષા હોય તે જ હજી આપણા સમાજને ગળે ઉતરતું નથી. સરસ કમાતો છોકરો હોય અને સરસ મઝાનું ઘર હોય તો સ્ત્રીએ તેમાં સંતોષ માની લેવાનો, બીજી પણોજણમાં નહીં પડવાનું આ અભિગમ જ અનુપા માટે અવરોધક બની રહ્યો છે. કારણ કે અનુપાને  પોતાની ક્ષિતિજો વિસ્તારવી છે અને મિહિરને તે ઈચ્છે ત્યારે પત્ની ઘરમાં જોઈએ. અનુપાની મહત્વાકાંક્ષા માટે તેને વિકસવા માટે પોતે અનુકૂળ થવું જોઇએ એ મિહિરને સમજાતું જ નથી એ આ નવલકથાની મુખ્ય સમસ્યા. આર્થિક જરૂરિયાત ના હોય તો ઘરની સ્ત્રીએ કમાવવા માટે બહાર જવું જ શું કામ એવો પ્રશ્ન હજી એ દીકરીને ડૉક્ટર-ઍન્જિનિયર બનાવનાર વડીલો ય કરતા જોવા મળે છે. સ્ત્રી નહોતી ભણતી ત્યારે કદાચ તેનું આકાશ સીમિત હતું, પણ ભણેલી ગણેલી સ્ત્રીના પોતાના સ્વપ્ન હોય છે, એને એના ક્ષેત્રમાં કૈંક કરવાની મહેચ્છા પુરી કરવા માટે અનુકૂળ વાતાવરણ ના આપવું એ જાણે કોઇને પાંખો આપીને ઉડવાની મનાઇ કરવા જેવી વાત છે. આકાશ ઝુંટવી લેવાની વાત છે. અહીં અનુપાનો સંઘર્ષ પોતાની સ્વતંત્ર ઓળખ ઉભી કરવા માટેનો છે. મિહિર એ માટે જયારે એને અનુકૂળ નથી થતો ત્યારે અનુપા છૂટાછેડાનું

આત્યન્તિક પગલું લે છે. એના માટે પણ સહેલું નહોતું મિહિર જેવા પ્રેમાળ પતિ અને ઘરના સુરક્ષિત વાતાવરણને છોડી ખુલ્લા આકાશ નીચે આવી જવું. પણ અનુપા સમજે છે કે કંઈક મેળવવું હોય તો ત્યાગની તૈયારી પણ રાખવી પડે બંને હાથે સહજતાથી લાડવા સ્ત્રીને મળતા નથી. પણ છેવટે અનુપા પોતાના લક્ષ્યને પામવામાં સફળ થાય છે, છૂટાછેડા પછી અનુપાને મિહિર સમજે છે. અને વળી બંને લગ્ન વિનાનું સહજીવન આદરે છે.

આ નવલકથામાં બીજી સમસ્યા દહેજની છે. આજના યુગમાં હજી એ દહેજ માટે સ્ત્રીઓને અગનઝાળ લગાડનાર સાસરિયા છે. એના મૂળમાં જઈએ તો મા-બાપ અને સ્ત્રીની પોતાની કોઈ મહેનત વિના સુરક્ષિત ભવિષ્ય પામવાની ઝંખના છે. રૂપિયા આપીને મા-બાપને દીકરી માટે સુખ ખરીદવું હોય છે, પણ સામે પક્ષે ય દીકરાના ઊંચા ભાવ લેવાની અપેક્ષા હોય એટલે ત્યાં પતિ-પત્ની વચ્ચે ઉષ્માસભર સંબંધ શક્ય બનતો નથી. અને દહેજના ખપ્પરમાં દીકરીઓ હોમાતી જ રહે છે, પરિસંવાદમાં દહેજની વિરુદ્ધમાં પોતાનું પેપર રજૂ કરવા આવેલી શાલિનીના પોતાના જાતઅનુભવનાં વર્ણનથી આ વાત અહીં સમજી શકાય છે.

ત્રીજી સમસ્યા છે, પુરુષની ભ્રમરવૃત્તિની.મોટા ભાગે જે પુરુષને બે છેડા ભેગા કરતા તકલીફ પડતી હોય એવા પુરુષોને પત્ની સિવાય બહાર ફાંફા મારવું પોસાતું નથી હોતું માટે તે પત્નીવ્રતા હોય છે, પણ જે પુરુષો પાસે પૈસો છે, પદ હોય છે, તેને પત્ની સાથે બેવફાઈ કરતા વાર નથી લાગતી. અને પત્નીને લાચારીથી આવા સંબંધો સહન કર્યા વિના છૂટકો નથી હોતો. એણે સંતોષ માનવાનો કે પતિ એને છોડી નથી દેતો, સાંજ પડે ઘેર પાછો આવે છે. આવા લગ્નોમાં બંને મનેકમને લગ્ન સંબંધ નભાવ્યે જતાં હોય. મિહિરના એક ધનવાન ગ્રાહકની પત્ની કેયાનું લગ્નજીવન આનું ઉદાહરણ છે.

ચોથી સમસ્યા સ્ત્રી ભ્રુણહત્યાની અથવા સ્ત્રી સંતાન અવતરે તો વણજોઇતી બાળકીઓને ઉકરડે, અનાથ આશ્રમમાં ત્યજી દેવાય છે, વળી નિઃસંતાન દંપત્તિ પણ બાળક દત્તક લેવા આવે તો બાળકીને દત્તક લેવામાં કોઈને ભાગ્યે જ રસ હોય છે. એનો ખ્યાલ વાલી ફોઇ અને અનુપાના પપ્પા જે અનાથ આશ્રમ સાથે સંકળાયા છે ત્યાં અનુપા જાય છે ત્યારે તેને

આવે છે.

પાંચમી સમસ્યા છે, પુરુષના અહંકારની : સામાન્ય રીતે સ્ત્રી પરણીને જાય ત્યારે તેને કહેવામાં તો આવે છે કે હવે આ ઘર તારું છે. એની માન, મર્યાદા તારે જાળવવાની ...વગેરે..વગેરે પણ જો ભૂલે ચુકે સ્ત્રીની કોઇ ભૂલને કારણે એના ઘરની પ્રતિષ્ઠાને આંચ આવે તેમ હોય તો પુરુષનો અહંકાર સ્ત્રીને પાણીથી ય પાતળી કરી નાખે છે, ત્યારે પુરુષ બોલે છે, મારો પૈસો...મારી પ્રતિષ્ઠા...મારું ઘર...અને સ્ત્રી ગમે એટલી જવાબદારીથી ઘર સંભાળતી હોય ફટ્ટ દઈને પુરુષ તેને 'મૂર્ખ' ; 'બૈરાં' જેવાં શબ્દોથી નવાજતાં ખચકાતો નથી. તેની પાસેથી ઘરની વસ્તુ કે સ્ત્રીને અપાયેલી ગાડી ઝુંટવી લેતા પણ વિલંબ થતો નથી. આવી ક્ષણોમાં સ્ત્રીનું હૃદય ઘવાય છે, એને મલમ લગાવવાની ય ફુરસદ પુરુષને હોતી નથી એ આપણને અનુપાએ કરેલા અકસ્માતના પ્રસંગે સમજાય છે. કોઈ પણ સ્વમાની સ્ત્રી ત્યારે એવી ભાંગી પડે કે પછી જે વસ્તુ માટે સાંભળવાનો વારો આવ્યો હોય તે વસ્તુ ઘરમાં અભરે ભરી હોય તો ય તે સ્ત્રી તેને અડવા કે ખાવાનું નામ લેતી નથી. એ જ ભૂલ પુરુષથી પણ થઇ શકે, સ્ત્રી પણ માણસ છે એટલું જો પુરુષ સમજે તો ઘરમાં આવા વણજોઇતા અકસ્માતો ટળે. અહીં આત્મસન્માન પરનો આ ઘા જ અનુપાને પોતાની કમાણી કમાવવા માટેનો અને પોતાની જાતને સાબિત કરવાનો પડકાર ફેંકે છે. ને એના પરિણામે ઘણો સંઘર્ષ વેઠીને પણ તે પોતાની જાતને સાબિત કરી બતાવે છે.

છઠ્ઠી સમસ્યા છે, શારીરિક છેડછાડની અથવા સ્ત્રીના દેહને કારણે ઘરમાં કે બહાર તેની સાથે થતા  શારીરિક શોષણની. જયારે કોઈ સ્ત્રી ઘર બહાર રૂપિયા કમાવવા નીકળે છે, ત્યારે તેને કામ આપનાર પુરુષો તેની ગરજ તેની લાચારીનો ગેરલાભ ઉઠાવીને તેને અડપલાં કરે ક્યારેક નોકરીમાંથી કાઢી મુકવાની ધમકી આપીને તેને ઝૂકવા મજબુર કરે છે તે સમસ્યાનો ઘર બહાર નીકળતી દરેક સ્તરને ક્યારેક ને ક્યારેક સામનો કરવો પડે છે. એનું કારણ છે, હજી પણ આપણે ત્યાં સ્ત્રીને માણસ, જીવતી જાગતી વ્યક્તિને બદલે માલ, આઇટમ કે ચીજ સમજવામાં આવે છે તે માનસિકતા. વળી આવા પુરુષ સામે જો કોઈ સ્ત્રી અવાજ ઉઠાવે તો પુરુષો તો ઠીક એની સહકર્મચારીણી સ્ત્રીઓ પણ તેને સાથ આપતી નથી, કારણકે તેમને કામ ગુમાવવાનો ડર હોય છે. આ ડર, ઉપરાંત એક ડર એવી સ્ત્રીને બતાવાય છે તે બદનામ થવાનો, શોષક નહીં શોષિત ને બદનામ થવાનો ભય લાગે એ કેવી વિડંબના !!!

આવી અસલામતીના જ કારણસર પતિ બીજી સ્ત્રીને ઘેર લઇ આવ્યો હોવા છતાં પણ પરિસંવાદમાં પોતાની વ્યથા વ્યક્ત કરતી વિજ્યા પોતાનો પતિ ઘેર જ બીજી સ્ત્રીને લઇ આવ્યો હોવા છતાં ઘર છોડીને બહાર જવાની હિંમત કરી શકતી નથી કારણકે નોકરી શોધવા કે ઘર ભાડે લેવા જ્યાં જાય ત્યાં પુરુષની વાસનાભરી નજરો જોઈને તે હારી, થાકીને જે ઘર છોડી દેવું છે એમ નક્કી કરીને નીકળી હતી ત્યાં જ પાછી આવે છે

છેલ્લી સમસ્યા છે, એવી સ્ત્રીઓની જેના કોઇને કોઈ કારણસર લગ્ન થતાં નથી. એવી સ્ત્રીઓનું એના ઘરનાં સ્વજનો જ બધી રીતે શોષણ કરતાં હોય છે, ભણેલી હોય તો બહારથી કમાઈને લાવે તેની પર પણ ઘરના હક્ક જમાવે અને ઘરના કામનો બોજો પણ તેની પર નાખવામાં આવે, આવી સ્ત્રીઓના જીવનમાં આનંદ જેવું તત્વ નહિવત હોય અને પોતાનું શોષણ થાય છે, તે સમજ્યા પછી એ લડવાની હિંમત હોતી નથી, કારણ ઘરમાંથી જાકારો

મળશે તો પોતે એકલી આ દુનિયામાં કોને આશરે રહેશે એ પ્રશ્ન જ એવી સ્ત્રીઓના વિરોધના સુરને દબાવી દે છે, અનુપાની બહેનપણી જલ્પા એક એવી જ દુઃખી સ્ત્રી છે.

તદ્દુપરાંત જે સ્ત્રીઓ સત્તા સ્થાને અથવા સમર્થ છે તે એના હાથ નીચેની અથવા એનાથી ઉતરતા સ્તરની સ્ત્રીઓ સાથે શાસકની જેમ જ વર્તાવ કરે છે.એ કદાચ સત્તાની સાથે આવતું દુષણ છે એવું અનુપાને લાગે છે.

પ્રણયના ઋજુ સંવેદનો અનુપા અને મિહિરના દામ્પત્યમાં ઓછા જોવા મળે છે, પણ નવલકથાને અંતે બંનેના સંબંધમાં એક સમજપૂર્વકની હળવાશ અને સખ્ય ભાવ જોવા મળે છે. જલ્પા માટે અનુપાને સખીભાવ સાથે સહાનુભૂતિનો ભાવ છે. જલ્પાના મનમાં લાગણીની ભીનાશ સાથે અનુપાના દામ્પત્ય સુખ માટે ઈર્ષાભાવ રહેલો છે. નારીવાદના પરિસંવાદમાં આવેલી ઘણી સ્ત્રીઓમાં પુરુષો સામેનો કૃતક ગુસ્સો જોવા મળે છે, વળી સ્ત્રીઓને સ્વાતંત્ર્ય જોઇએ છે, પણ તેની કિંમત ચૂકવવી નથી એ વાત પણ નવલકથામાં સ્પષ્ટ થાય છે.અનુપાનો સાસુ સાથેનો સંબંધ જો જરાય સમજણ ચૂકાઈ હોત તો કડવાશભર્યો બની જાત,પણ વિમળાબા અને અનુપા બે ય સમજપૂર્વક તે સંબંધને જાળવે છે. અનુપાને મિહિરના સંબંધમાં પોતે છૂટાછેડા લઈને મિહિરને દુઃખી કર્યો છે એવું શરૂઆતના તબક્કામાં અનુપાને લાગે છે, પણ પછી એને લાગે છે કે દરેકે પોતાના સુખદુઃખ બીજા પર આધારિત ના રાખવા જોઇએ. અને 'સ્વાશ્રય' આશ્રમના અનુભવે અનુપાને સમજાય છે કે, માત્ર પુરુષ શોષણ કરે છે, ચાલબાજી કે દગો કરે છે, એમ નથી સમર્થ સ્ત્રીઓ પણ આ જ પ્રવૃત્તિઓ રસપૂર્વક કરતી હોય છે.

**લેખિકા પરિચય : વર્ષા અડાલજા, નવલકથાકાર, નાટ્યકાર, વાર્તાકાર.**

તેમનો જન્મ ૧૦ એપ્રિલ,૧૯૪૦માં મુંબઇ ખાતે થયો હતો. તેમનાં પિતા ગુણવંતરાય સ્વાતંત્ર્ય સેનાની તથા ફુલછાબનાં તંત્રી, એમના સમયના ગુજરાતીના પ્રખ્યાત નવલકથાકાર, પત્રકાર, પટકથા લેખક હતા. તેઓ રણજિત મુવીટોનના વાર્તા વિભાગના અધ્યક્ષ હતા. આમ સાહિત્યના સંસ્કાર વર્ષા અડાલજાને ગળથૂથીમાં જ મળેલા.પિતાનો લેખન તથા પત્રકારત્વનો વ્યસાય હોવાથી ઘરના સાહિત્યિક અને સાંસ્કૃતિક વાતાવરણે તેમના સાહિત્યરસને પોષ્યો હતો.

તેઓ ૧૯૬૦માં મુંબઇ યુનિવર્સિટીમાંથી ગુજરાતી-સંસ્કૃત સાથે બી.એ. અને ૧૯૬૨માં સમાજશાસ્ત્ર સાથે એમ.એ. ૧૯૬૧ થી ૧૯૬૪ સુધી આકાશવાણી મુંબઈમાં પ્રવકતા. ૧૯૬૫માં મહેન્દ્ર અડાલજા સાથે લગ્ન કર્યાં. ૧૯૭૫ થી ૧૯૭૭ દરમિયાન 'સુધા' નાં તંત્રી. ૧૯૬૬ થી લેખન-વ્યવસાય.તેઓ નાનપણથી નાટકોમાં ભાગ લેતાં હતાં. અને માત્ર દસ વર્ષની ઉંમરે તેમણે ૧૯૫૦માં નાટકમાં પુખ્ત યુવતીનું પાત્ર ભજવ્યું હતું. કારણકે તે સમયમાં નાટકમાં બહુ જ ઓછી સ્ત્રીઓ ભાગ લેતી તેમણે ઇબ્સનના ડૉલ્સ હાઉસ, ટેનિસ વિલિયમ્સના ગ્લાસ, મૃચ્છકટિક અને બીજાં ગુજરાતી નાટકોમાં મુખ્ય પાત્રનો રોલ ભજવ્યો હતો. અને એવોર્ડ પણ મેળવ્યા હતા. તેઓએ નાટક લખ્યા છે, અને તેમની સાહિત્ય અકાદમી એવોર્ડ વિજેતા નવલકથા 'અણસાર'(૧૯૯૨)ના નાટ્ય રૂપાંતરને ભારતમાં અને વિદેશમાં ભજવાય છે. અને રેડીઓ પર પણ તેના નાટયાંશો વાંચવામાં આવ્યા હતા. જેલજીવનના વ્યાપક ભ્રષ્ટાચારને આલેખતી 'બંદીવાન' (૧૯૮૬) નામની તેમની બીજી એક નવલકથાનું પણ નાટ્ય રૂપાંતર પણ ભજવાયું હતું . તેમની આ નવલકથા અને નાટક કટોકટી પછી તરત આવેલા.

'શ્રાવણ તારાં સરવડાં' (૧૯૬૮), વિયેટનામના ભીષણ નરમેધને આલેખતી 'આતશ' (૧૯૭૬), 'ગાંઠ છૂટયાની વેળા' (૧૯૮૦), જેલજીવનના વ્યાપક ભ્રષ્ટાચારને આલેખતી 'બંદીવાન' (૧૯૮૬) સુવાચ્ય નવલકથાઓ છે. તે ઉપરાંત સુવાચ્ય લઘુનવલોમાં 'મારે પણ એક ઘર હોય' (૧૯૭૧),

રેતપંખી (૧૯૭૪) : એક પાત્રની આસપાસ ફરતી, વર્ષા અડાલજાની લઘુનવલ. નાયિકા સુનંદા બીજવર જગમોહનદાસને પરણીને પૂર્વપત્નીના મૃતવ્યક્તિત્વની છાયામાં, શ્રીધર તરફના આકર્ષણમાં, વયસ્ક સાવકાં પુત્ર-પુત્રી અમલા-વિનયના પ્રતિકારમાં અને કાકાની દીકરી બહેન તારાના પુનઃપરિચયમાં કઇ રીતે પોતાની વિવિધ સંબંધરેખાઓ ઉપસાવે છે એની મનોગતિનો અહીં આલેખ છે. માનસિક સ્તર પર પહોંચવા જતી આ લઘુનવલમાં ફિલ્મી મનો વિશ્લેષણ પદ્ધતિના પડેલા ઓછાયા રોચક ન હોવા છતાં, સંવાદ કક્ષાએ એકંદરે જળવાયેલી તાજગી નોંધપાત્ર છે.

* તેઓ ૧૯૭૨ થી ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિ તથા વહીવટી સમિતિના ચૂંટાયેલા સભ્ય છે.
* તેઓ ૧૯૮૯ થી ૧૯૯૨ સુધી ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી તરીકે ચૂંટાયા હતાં
* તેઓ ૨૦૦૬ થી ૨૦૦૯ અને ૨૦૧૦ થી ૨૦૧૩ દરમિયાન ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપ પ્રમુખ તરીકે ચૂંટાયા હતાં
* તેઓ ૨૦૧૨માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે ચૂંટાયા હતાં
* તેમણે ટાઈમ્સ ઑફ ઇન્ડિયાના ફેમિના ગુજરાતીના તંત્રી તરીકે કામ કર્યું છે. તેમનાં લેખનમાંથી ચૂંટેલા અંશોને તેમનાં અવાજમાં રેકૉર્ડ કરીને યુ.એસ.લાયબ્રેરી ઑફ કૉંગ્રેસમાં 'આર્ચીવ ઑફ વર્લ્ડ લિટરેચર ઓન ટેપ' શીર્ષકથી એક Bicentennial

Recording Project અંતર્ગત ડિસેમ્બર 2000માં લાઈબ્રેરી ઑફ વોશિંગટન ડીસી માં સાચવી રાખવામાં આવ્યા છે.

* યુ.કેમાં તેમની ઘણી નવલકથાઓને બોલતાં પુસ્તકો તરીકે રેકોર્ડ કરીને રાખવામાં આવી છે.

* મુંબઈ દૂરદર્શન દ્વારા ૧૯૭૨માં તેમની ઇનામ વિજેતા નવલકથા 'મારે પણ એક ઘર હોય'(૧૯૭૧) પરથી ધારાવાહિક બનાવવામાં આવી હતી..

એ જ નવલકથા પરથી બીજી એક ધારાવાહિક ટેલીપથી પણ બનાવાઈ હતી અને ગુજરાતીમાં ફિલ્મ પણ બનાવાઈ હતી. જેના માટે શ્રેષ્ઠ મૌલિક વાર્તાનું ઇનામ તેમને ગુજરાત સરકાર તરફથી મળ્યું હતું. આ સિવાય પણ તેમની નવલકથાઓ અને બીજી પ્રશિષ્ટ ગુજરાતી નવલકથાઓ પરથી બીજી ધારાવાહિકો, સ્ક્રીનપ્લે, સંવાદો તેમણે લખ્યાં છે.

*ઈ ટી.વી. ગુજરાતી પર ચાલતી તેમની 'અપરાજિતા' ધારાવાહિકને ટ્રાન્સમીડિઆ તરફથી શ્રેષ્ઠ ધારાવાહિકનો એવોર્ડ મળ્યો હતો.ઝી ગુજરાતી પર ચાલતી તેમની બીજી એક ધારાવાહિક 'સામી સાંજના શમણાં'ને પણ ટ્રાન્સમીડિઆ તરફથી શ્રેષ્ઠ ધારાવાહિકનો એવોર્ડ મળ્યો હતો.

*સાહિત્ય અકાદમી દ્વારા ઇન્ટરનેશનલ બુક ફેર લંડન ખાતે ૨૦૦૯માં તેમની પ્રતિનિધિ તરીકે તેમનું નામાંકન કરવામાં આવ્યું હતું.

## તેમનું સર્જન

### નવલકથાઓ :

'શ્રાવણ તારાં સરવડાં' (૧૯૬૮), વિયેટનામના ભીષણ નરમેધને આલેખતી 'આતશ' (૧૯૭૬), 'છેવટનું છેવટ' (૧૯૭૬),'ગાંઠ છૂટયાની વેળા' (૧૯૮૦), જેલજીવનના વ્યાપક ભ્રષ્ટાચારને આલેખતી 'બંદીવાન' (૧૯૮૬) ઉપરાંત 'આનંદધારા'(૧૯૮૪), 'માટીનું ઘર' (૧૯૯૧), 'અણસાર'(૧૯૯૨), 'એની સુગંધ', 'ત્રીજો કિનારો'(૨૦૦૧), 'મૃત્યુદંડ' (૧૯૯૬), 'લાક્ષાગૃહ' (૨૦૧૩), 'શગ રે સંકોરું' (૨૦૦૪), ' પગલું માંડુ હું અવકાશમાં' (૨૦૦૫), 'ક્રોસરોડ' (૨૦૧૬), 'પરથમ પગલું માંડિયું' (૨૦૦૮), 'મારે પણ એક ઘર હોય' (૧૯૭૧), 'રેતપંખી' (૧૯૭૪) અને 'ખરી પડેલો ટહુકો' (૧૯૮૩) સ્પર્શક્ષમ છે. 'તિમિરના પડછાયા' (૧૯૬૯)માં છિન્નભિન્ન બનતું વ્યક્તિત્વ તથા 'એક પળની પરખ' (૧૯૬૯)માં રજૂ થયેલી અંતર્યાતના સ્પર્શે છે. 'પગલાં' (૧૯૮૩) એક સરસ રહસ્યકથા બની છે. 'પાંચ ને એક પાંચ' (૧૯૬૯) રહસ્યકથાનું વિષયવસ્તુ આકર્ષક છે. તેમ જ 'અવાજનો આકાર' (૧૯૭૫) તથા 'પાછાં ફરતાં' (૧૯૮૧) સુવાચ્ય રહસ્યકૃતિઓ છે. 'નીલિમા મૃત્યુ પામી છે' (૧૯૭૭)માં નાના નાના અંકોડા વડે કથાગૂંથણી થઈ છે. રહસ્યકથાઓના લેખનમાં એમણે પેરીમેસનનો પ્રભાવ ઝીલ્યો છે.

### ટૂંકી વાર્તાસંગ્રહો :

'સાંજને ઉંબર' (૧૯૮૩) અને 'એ' (૧૯૭૯) અને તું છે ને ! ગાંઠે બાંધ્યું આકાશ, બીલીપત્રનું ચોથું પાન, તને સાચવે પારવતી,કોઈ વાર થાય કે...,અનુરાધા,વર્ષા અડાલજાની શ્રેષ્ઠ વાર્તાઓ, વર્ષા અડાલજા : સદાબહાર વાર્તાઓ.

**દ્વિઅંકી નાટક :** 'આ છે કારાગાર', શારદા.

**એકાંકી સંગ્રહો :** વાસંતી કોયલ, મંદોદરી,શહીદ.

**નિબંધસંગ્રહો :** પૃથ્વીતીર્થ, ન જાને સંસાર.પ્રવાસ: શુક્રન ઇજિપ્ત,નભ ઝૂક્યું, શરણાગત, શિવોહમ્, ઘૂઘવે છે જળ.

**પ્રકીર્ણ :** અનુવાદ : મિત્રો મરજાની (મૂ.લે. કૃષ્ણા સોબતી) ઘરે બાહિરે પરિચય પુસ્તિકા

**સંપાદન :** અમર પ્રેમકથાઓ, દરિયાનો લાલ-ગુણવંતરાય આચાર્ય, ગુણવંતરાય આચાર્ય અધ્યયન ગ્રંથ- ૧,૨ (નરોત્તમ પલાણ,નીતિન વડગામા સાથે) અંગ્રેજી અનુવાદ :The crumbled Note of a warbler (ખરી પડેલો ટહુકો) , A House Of My Own (મારે પણ એક ઘર હોય)

**મરાઠી અનુવાદ :** અણસાર, રેતીચા પક્ષી

**પ્રકાશાધીન :** નવલિકાસંગ્રહ -અનરાધાર

**એવોર્ડ અને સન્માન :**

૧. ક્રોસરોડ: નવલકથા 'ક્રોસરોડ' માટે દર્શક લાઇફટાઈમ(૨૦૧૭)

૨. ક્રોસરોડ: નવલકથા મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી પુરસ્કાર(૨૦૧૭)

૩. લાક્ષાગૃહ, ગુજરાતી સાહિત્ય અકાદમી પુરસ્કાર (૨૦૧૩)

૪. લાક્ષાગૃહ, મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી પુરસ્કાર (૨૦૧૩)

૫. જીવન ગૌરવ પુરસ્કાર મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી પુરસ્કાર (૨૦૦૯-૧૦ )

૬. સાહિત્ય ગૌરવ પુરસ્કાર ગુજરાત સરકાર- ગુજરાતી સાહિત્ય અકાદમી

૭ . સાહિત્ય ગૌરવ પુરસ્કાર સંસ્કૃતિ અભિવાદન ટ્રસ્ટ( ૨૦૦૯-૧૦)

૮. સાહિત્ય પરિષદ ફ્લોરિડાના પ્રમુખપદે, ગુજરાતી સાહિત્ય અકાદમી, ઉત્તર અમેરિકા દ્વારા આમંત્રિત. (૨૦૧૦)

૯. લંડન પુસ્તક મેળામાં અકાદમી દ્વારા મોકલેલ પ્રતિનિધિમંડળમાં પસંદગી પામ્યાં. (૨૦૦૯)

૧૦. 'તને સાચવે પારવતી' ટૂંકી વાર્તાસંગ્રહ મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી (૨૦૧૦)

૧૧. 'પરથમ પગલું માંડીયું ' નવલકથા મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી (૨૦૦૮)

૧૨. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે ચૂંટાયા. વર્ષ (૨૦૧૦ -૨૦૧૩, ૨૦૦૬ -૨૦૧૦)

૧૩. સાહિત્ય અકાદમીની સામાન્ય સભા (૨૦૦૮- ૨૦૧૨)

૧૪. શ્રેષ્ઠ ગુજરાતી ટી.વી. શ્રેણી 'સમી સાંજે અજવાળા' ટ્રાન્સ મીડિયા એવોર્ડ(૨૦૦૭)

૧૫. પરથમ પગલું માંડીયું : નવલકથા 'એની બેન સરૈયા' પુરસ્કાર(૨૦૦૫)

૧૬. રણજિતરામ સુવર્ણચંદ્રક સર્વોચ્ચ ગુજરાતી સાહિત્ય પુરસ્કાર(૨૦૦૫), આ એવોર્ડ ગુજરાત વિધાસભા દ્વારા અપાયો.

૧૭. 'કોઈ વાર થાય કે...'ટૂંકીવાર્તાસંગ્રહ મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી (૨૦૦૪)

૧૮. 'શગ રે સંકોરું'-નવલકથા મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી (૨૦૦૪)

૧૯. 'અનુરાધા' મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી(૨૦૦૩)

૨૦. ગાંઠે બાંધ્યું આકાશ- ટૂંકીવાર્તા સંગ્રહ નંદશંકર ચંદ્રક- નર્મદ સાહિત્યસભા (૨૦૦૩)

૨૧. નભ ઝૂક્યું- પ્રવાસ વર્ણન-(૨૦૦૨) ગુજરાતી સાહિત્ય પરિષદ- કાકાસાહેબ કાલેલકર પુરસ્કાર

૨૨. ગુજરાતી સાહિત્ય પરિષદની કેન્દ્રિય સમિતિના ચૂંટાયેલાં સભ્ય ૪૦ વર્ષથી

૨૩. સાહિત્ય અકાદમી દિલ્હી, ગુજરાત સલાહકાર બોર્ડમાં નામાંકિત થયાં. (૨૦૦૮-૨૦૧૨, ૨૦૦૩- ૨૦૦૮)

૨૪. ત્રીજો કિનારો : નવલકથા કે. એમ. મુન્શી એવોર્ડ, હ્યુમન સોસાયટી ઓફ ઇન્ડિયા (૨૦૦૨)

૨૫. 'મારી પસંદગીની કૃતિઓ'લાયબ્રેરી ઓફ કૉંગ્રેસ USA દ્વારા આરકાઈવઝ ઓફ વર્લ્ડ લિટરેચરમાં રેકોર્ડ થઈ છે. જેને વોશિંગ્ટન DC ની લાયબ્રેરીમાં જાળવવામાં આવી છે. (૨૦૦૦-૨૦૦૧)

૨૬. શ્રેષ્ઠ મૂળભૂત સાચી વાર્તા- પ્રથમ ઇનામ- શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મ–'મોતી વેરાણા ચોકમાં' ગુજરાત રાજ્ય ફિલ્મ બોર્ડ(૧૯૯૯- ૨૦૦૦)

૨૭. 'મંદોદરી'- એકાંકી ગુજરાતી સાહિત્ય અકાદમી (૧૯૯૮)

૨૮. 'મંદોદરી' ગુજરાતી સાહિત્ય પરિષદ (૧૯૯૮)

૨૯. 'ગાંઠે બાંધ્યું આકાશ'- ટૂંકીવાર્તા સંગ્રહ સરોજ પાઠક શ્રેષ્ઠ વાર્તાસંગ્રહ (૧૯૯૮)

૩૦. પત્રકાર એવોર્ડ- પત્રકારીત્વ ક્ષેત્રે પ્રદાન માટે પત્રકારસંઘ, ગુજરાત (૧૯૯૭)

૩૧. અણસાર : નવલકથા સાહિત્ય અકાદમી એવોર્ડ- દિલ્હી (૧૯૯૫)

૩૨. અણસાર : નવલકથા ગુજરાત વિધાસભા (૧૯૯૫)

૩૩. અણસાર: નવલકથા ભારતીય ભાષા પરિષદ, કલકત્તા(૧૯૯૬)

૩૪. ગાંઠ છૂટ્યાની વેળા : નવલકથા ભગિની નિવેદિતા પારિતોષિક: સ્વામી વિવેકાનંદ ટ્રસ્ટ (૧૯૮૬)

૩૫ . 'એ' ટૂંકીવાર્તા સંગ્રહ ગુજરાતી સાહિત્ય અકાદમી (૧૯૭૮)

૩૬. અવાજનો આકાર : નવલકથા ગુજરાતી સાહિત્ય અકાદમી (૧૯૭૬)

૩૭. 'આતશ' વિયેતનામ યુદ્ધ પર નવલકથા સોવિયેત લેન્ડ નહેરુ એવોર્ડ

૩૮. 'આતશ' ગુજરાતી સાહિત્ય પરિષદ એવોર્ડ (૧૯૭૫)

૩૯ . 'મારે પણ એક ઘર હોય': નવલકથા ગુજરાતી સાહિત્ય પરિષદ એવોર્ડ (૧૯૭૨)

તેમણે દુનિયાનાં ચૌદ દેશોની મુલાકાત લીધી છે.

**'શગ રે સંકોરું'** :

**લેખિકા વર્ષા અડાલજા, ૨૦૦૪ પ્રકાશક : આર.આર.શેઠની કુ. પૃષ્ઠ સંખ્યા: ૨૯૦**

નાયિકા વસંતનું નાનકડું કુટુંબ નવલકથામાં કેન્દ્ર સ્થાને છે. આખી નવલકથા વસંતની આસપાસ ગૂંથાઈ છે. આ નવલકથા કુલ અઠ્ઠાવીસ પ્રકરણમાં વિસ્તરેલી છે. આ નવલકથામાં એક પરિવારની વાત કેન્દ્રમાં છે. એના મુખ્ય પાત્રો છે, નાયિકા વસંત, તેનો પતિ કૃષ્ણકાંત અને તેમની બે દીકરીઓ મેઘના અને  અમી, આ સિવાય એમનો નોકર દલુ, અમીની બહેનપણી ચૌલા એના પપ્પા વિરેન્દ્રભાઇ, મમ્મી કુસુમબહેન, તેના ફોઇ દિપ્તીબહેન, ગુરુજી, ગીતાબહેન, મી.સોમાણી , સંસ્કાર, પૂજા વગેરે.

વસંત અને કૃષ્ણકાંત બે પતિ-પત્ની તરીકે સાથે એક ઘરમાં તો જીવે છે. પણ બંનેના વિચારો, રહેણી-કરણી એક બીજાથી બિલકુલ ભિન્ન છે. જો કે લગ્નજીવનની શરૂઆતમાં એવું નહોતું. લગ્નજીવનની શરૂઆતમાં તો બંને એકબીજાને ઉત્કટતાથી ચાહતા હતા. વસંતના સાસુ નાની ઉંમરમાં વિધવા થયાં હતાં, એટલે પોતાના દીકરાના ઉછેર સાથે એમણે પોતાનું મન સંપૂર્ણપણે ધર્મ-ધ્યાનમાં લગાવેલું હતું. લગ્ન પછી વસંત અને કૃષ્ણકાંતની એક-બીજા માટેની ઘેલછા જોઈ તેનાં સાસુ  વસંતને ટોકતાં અને કહેતાં, “શરીર અને મનને સંકોરીને જીવે એ જ તો સ્ત્રીનું ખરું તપ. દામ્પત્યજીવન ભોગ,વિલાસ માટે નહિ,વંશવૃધ્દ્ધિ માટે છે.” પણ વસંતને એવા ઉપદેશનો જાણે કોઇ ખપ નહોતો કે પ્રભાવ પણ નહોતો.

મેઘનાના જન્મ પછી જયારે વસંતના સાસુની અંતિમ ઘડી હતી ત્યારે તેમણે કૃષ્ણકાંત પાસે વચન લીધું કે, એમની ત્રણ પેઢીની ઠાકોરજીની અખંડ સેવાનો વારસો તે પાળશે. કૃષ્ણકાંતે પોતાની માને વચન આપ્યું અને પાળ્યું. પણ તેનાપરિણામ સ્વરૂપે પહેલા તો તેમણે બાની બધી વિધિ પતી  તે જ રાતથી પોતાના બેડરૂમમાં ભગવાનનું મંદિર રાખીને વસંતને જુદા રૂમમાં સુવા મોકલી, એમ કહીને કે ભગવાનની સામે ભોગ ભોગવીએ તો પાપ

લાગે.શરૂઆતમાં પોતાની સેવા, પૂજા પતાવી કૃષ્ણકાંત વસંત સાથે આવીને સુતા ય ખરા પણ ધીમે ધીમે તેઓ પોતાની સેવાપૂજાને ધ્યાનધર્મમાં વ્યસ્ત થઈને વસંતથી વિમુખ થતા ચાલ્યા. એવું થાય ત્યારે વસંત ક્યારેક વિહ્વળ થઈને પતિને પોતાના રૂમમાં ખેંચી લાવતી. ક્યારેક એને પ્રશ્ન થતો પોતાના જેવી કામવિહ્વળતા પતિને કેમ નથી થતી ? એક દિવસ આમ જ કામવિહ્વળ થઈને પતિના રૂમમાં જ તેની સાથે સુઈ જાય છે, એ તૃપ્તિના મદમાં હતી અને અચાનક કૃષ્ણકાંત તેને હલબલાવી મૂકે છે, “તેં શું કર્યું આ વસંત ? આમ સાવ મંદિરની સામે જ....છી.”[6]. વસંત ડઘાઈ ગઈ પોતાના પતિ-પ્રિયતમ પરત્વેનો પ્રેમાવેગ જાણે વ્યભિચાર હોય એવો પતિનો ઘૃણા અને તિરસ્કારભર્યો ઉદગાર એને અંદરથી તોડી નાખે છે. એ આખી રાત તે રડી હતી. બીજે દિવસે પતિએ એક સુંદર ઘડિયાળની ભેટ આપીને એને મનાવવાનો પ્રયત્ન કર્યો. અને સાથે વસંતને એમ સમજાવવાનો પ્રયાસ કર્યો કે, આપણે હવે સંસારમાં રહીને ભોગવિલાસ ત્યજતાં જઈને આત્માનો ઉદ્ધાર કરવા તરફ ગતિ કરવી જોઈએ. વસંતને આ ભરજુવાનીમાં આવેલો વૈરાગ્યભાવ સમજાતો ય નથી અને સ્વીકાર્ય પણ નથી. એ પતિને કહે છે, મારે મોક્ષ કે સ્વર્ગ કંઇ જ જોઈતું નથી મારે મન તમે જ મારા દેવને તમે જ મારુ સ્વર્ગ. પતિ એની વાતથી અકળાઈ જાય છે. વસંત બહુ મથી પણ પતિને પાછા ન જ વળી શકી.

મનને મારીને તો એ જીવતાં શીખી પણ શરીરની ઇચ્છાઓનું શું કરે ? એણે વળી એક દિવસ પતિની સાથે આ અંગે ચર્ચા કરી અને ફરી એક વાર તે વિમુખ થતા પતિની અનિચ્છા છતાં એને પોતાના બેડરૂમમાં ઘસડી લાવી, પણ સંભોગ પછી પતિ અપરાધબોધ અનુભવે છે એમ લાગતાં તેનું કારણ પૂછે છે, તો પતિ કહે છે, આપણે કેવું પાપ કર્યું. અને વસંત એને પૂછે છે, પોતાની પત્ની સાથેનો સંબંધ પાપ શી રીતે કહેવાય ? ત્યારે પતિ જવાબ આપે છે કે, મેં ગોસ્વામીજી પાસે પ્રતિજ્ઞા લીધી હતી કે હું સ્ત્રી સંગ તજી દઈશ. એટલે જ હું તમારાથી દૂર રહેતો હતો. ત્યારે વસંત પતિને પૂછે છે કે, ગોસ્વામીજીની પહેલાં લગ્ન વખતે મને આપેલા સપ્તપદીનાં વચનનું શું ? એમને વચન આપતા પહેલાં તમને મને પૂછવાની જરૂર ના લાગી ?

કૃષ્ણકાંત પાસે એના પ્રશ્નનો કોઇ જવાબ નથી. તો વસંત સ્પષ્ટ પૂછે છે કે,તમારા મનમાં નારી નરકનું દ્વાર એવું કંઇ તો નથી ને ? કૃષ્ણકાંત ઓઝપાઈ જાય છે, કોઇ જવાબ નથી આપતા. વસંત તે દિવસે મનમાં ગાંઠ વળે છે કે, આજથી હુંમારી વૃત્તિ પર કાબુ રાખીશ, હું પહેલ નહિ કરું. હવે આ રેખા કૃષ્ણકાંતે જ ઓળંગવી પડશે. પણ એ પતિના બેડરૂમની સાથે જાણે મનમાંથી ને પછી ધીમે ધીમે જીવનમાંથી પણ નીકળી ગઈ હતી. બંને એક ઘરમાં જીવતાં હતાં પણ બંનેનાં માર્ગ જુદાં હતાં.વસંત તે દિવસે પતિને કહે છે,તમે આપણી વચ્ચે જે દીવાલ ચણી છે, એ હવે ક્યારેય નહિ તૂટે. આજ પછી તમે મને ક્યારેય નહિ સ્પર્શી શકો.

પણ એમના એ છેલ્લા સંભોગના પરિણામે વસંત ગર્ભવતી થાય છે. ને જયારે અમીનો જન્મ થાય છે, ત્યારે નવજાત બાળકીની સામે જોયા વિના જ કૃષ્ણકાંત વસંતની ખબર પૂછે છે. વસંત એનું કારણ પૂછતાં તેઓ કહે છે કે, ગોસ્વામીજીએ મને એમને  મ્હોં બતાવવાની ના પાડી દીધી છે. વસંત પૂછે છે કે, તમને ગોસ્વામીની શું મોઢું બતાવશો એની ચિંતા છે, પત્નીને શું મ્હોં બતાવશો એની ચિંતા નથી થતી ? ધર્મ તો કદી આત્માને આત્માનો અનાદર શીખવતો નથી. ઈશ્વર તો પત્રમ,પુષ્પમ,ફલં અને તોયંથી પણ રીઝે છે. વસંત છેલ્લી વાર પતિને ધર્મના પાયામાં પ્રેમ, માનવતા અને સહિષ્ણુતા છે તે સમજાવવાનો પ્રયાસ કરે છે, પણ માત્ર બાહ્ય કર્મકાંડને જ ધર્મ માનીને બેઠેલા કૃષ્ણકાંતને એની કોઇ અસર થતી નથી.

બંને દીકરીઓનાં  ઉછેર માબાપ જુદી જુદી કરે છે. મોટી મેઘનાને કૃષ્ણકાંતે પોતાની સાથે એવી હેળવી લીધી છે કે નાનપણથી બાપ આવે એટલે મેઘના એમને માટે પૂજાની સામગ્રી તૈયાર કરીને એમના માટે આસન બિછાવવું, અને પછી એના પપ્પા પાસે બેસીને ધાર્મિક વ્યાખ્યાનો સાંભળવાના. મોટી થતાં મેઘના વધુને વધુ  પિતાની સાથે સ્વાધ્યાય પ્રવૃત્તિમાં પરોવાતી જાય છે. પિતાને ઉપવાસ હોય તો એમનું ફરાળ તૈયાર કરવું,પૂજાની તૈયારી કરવી,સાધન-સામગ્રી તૈયાર રાખવી  વિગેરે જવાબદારી મેઘનાએ સહર્ષ સ્વીકારી લીધી છે.

આમ મેઘના અને વસંત વચ્ચે એક વૈચારિક ખાઇ સર્જાઇ ગઈ છે. નાની દીકરી અને મા બેની વિચારસરણી એક સરખી અને મોટી દીકરીને બાપની એક સરખી.

મોટી દીકરી મેઘના ગ્રૅજ્યુએટ થઇ ને હવે પૂર્ણ સમય તેની આંધળી ભક્તિમાં વ્યસ્ત છે. નાની દીકરી અમી એસ.વાય.બી.એમાં સાયકોલોજી અને સોશ્યોલોજી સાથે ભણી રહી છે. કૃષ્ણકાંતે જે ગોસ્વામીજીને સ્ત્રી સંગ ત્યજવાનું વચન આપેલું તે મૃત્યુ પામ્યા એ અરસામાં જ મુંબઈમાં એક યુવાન શાસ્ત્રીજી આવ્યા. જે ગીતાજી પર સરસ વિદ્વતાપૂર્ણ વ્યાખ્યાન આપતા હતા. એટલે હવે હવેલી છોડીને તેમણે શાસ્ત્રીજીને સાંભળવા જવાનું શરૂ કર્યું. એ શાસ્ત્રીજીએ પછી તો મુંબઈમાં ચૈતન્યપીઠની સ્થાપના કરીને ને તેની અંતર્ગત આખા ભારતમાં અધ્યયન અને સાધના કેન્દ્રો શરૂ કર્યા. દેશ-વિદેશમાં એમના ભક્તો હતા. દેશ-વિદેશમાંથી દાનનો અવિરત પ્રવાહ વહેતો. આ લોકો તેમના આ પંથનો પ્રસાર કરવા બધે ફરીને ગીતા પ્રવચનો આપતા,સ્ત્રીઓ માટે, યુવાનો માટે, બાળકો અને પુરુષો માટે અધ્યાત્મ સાધનાના વિવિધ કેન્દ્રો ચાલતાં, એની પરીક્ષાઓ લેવાતી. દાનમાંથી જરૂરિયાતમંદ ભક્તજનોને મદદ કરવામાં આવતી.

પહેલી વાર કૃષ્ણકાંત ચૈતન્ય પીઠ ગયા ત્યારે વસંતને પોતાની સાથે લઇ જવા ઘણું મથ્યા. પણ વસંત એકની બે ના થઈ. તેનું કહેવું હતું કે જેણે તમને મારી પાસેથી ઝુંટવી લીધા તેની પાસે હું શા માટે આવું ? કૃષ્ણકાંત કહેવાતી ભક્તિના રંગે રંગાઈને પોતે આત્મોન્નતિ તરફ ગતિ કરી રહ્યા છે એમ માનતા. ઘરના લોકો કરતાં બહારના લોકો પોતાને કેવા અહોભાવથી જુએ છે, એનો એમને અહંકાર હતો. અને ઘરમાં પત્ની અને પુત્રી પોતાની કિંમત નથી સમજતી એનો ખેદ ય હતો. લગભગ જીવનના પચીસ વર્ષ આ ચૈતન્ય પીઠમાં અધ્યાત્મ સાધનામાં ગાળ્યા પછી તેઓ ગુરુજીના ઘણા નજીકના વ્યક્તિ બની ગયા છે. અને એમણે ગુરુજીની પધરામણી કરાવી હતી. અને તે દિવસની વાતથી નવલકથાની શરૂઆત થાય છે. ગુરુજી ઉર્ફે શાસ્ત્રીજી

કૃષ્ણકાન્તની નિમણુંક માત્ર ભક્તિ ભુવનનાં ટ્રસ્ટીપદની જગ્યાએ નવા નિર્માણ થતાં વૃંદાવન સંકુલની મેનેજિંગ કમિટીમાં કર્યાની જાણ કરે છે. સર્વોચ્ચ સમિતિમાં પોતાનું નામ મુકાયાનું જાણી કૃષ્ણકાંત અવાક્ થઇ જાય છે તેમની આંખમાંથી આંસુની ધાર ચાલી. સાથે ગુરુજી મેઘનાને બાલિકા કેન્દ્ર ચલાવવાની ફરજ સોંપે છે અને વસંતને પણ નવનિર્મિત વૃંદાવન પીઠની પ્રવૃત્તિઓમાં જોડાવા નિમંત્રણ આપે છે. અમીને પણ યુવાપ્રવૃત્તિમાં સાંકળવા માટે પૂછે છે. અમી નમ્રતાપૂર્વક ના પાડે છે, ગુરુજી કારણ પૂછે છે. અમી કહે છે, ધર્મ શું છે તે મને ખબર નથી, તમે આ બધી પ્રવૃત્તિઓ શા માટે કરો છો તે મને સમજાતું નથી. અને જ્યાં સુધી હું પોતે શું કરવા માગું છું એ નાસમજાય ત્યાં સુધી કોઇ પ્રવૃત્તિમાં જોડાવા માગતી નથી. તે આગળ કહે છે, તમારી કે બીજા કોઈ ધર્મગુરુની વાત મને સમજાતી નથી. માણસ માંડેલો સંસાર ના નિભાવે અને માત્ર પોતાની જાત પરત્વેની ફરજ બજાવે તો એના સ્વજનોને અન્યાય ના થાય ? સ્વજનોનો હક્ક નથી એના પર. ગુરુજી કહે છે તારા બધા પ્રશ્નોનો ટૂંકમાં ઉત્તર આપું તો ઘરમાં એક જાગે તો બધાને જગાડે અને બધાં ધર્મપ્રવૃત્ત થાય. અમી કહે છે,"--તો એમનાં પોતાનાં સપનાંઓનું શું ? માફ કરજો ગુરુજી ન મને તમારી પ્રવૃત્તિમાં રસ છે, ન મને તમારા જવાબો સ્વીકાર્ય છે.'[7] એમ કહીને તે પોતાના રૂમમાં ચાલી જાય છે. કૃષ્ણકાંતને ક્રોધથી અગનઝાળ થઈ જતા જોઈને વસંત થડકી ઉઠે છે.

ગુરુજીને લેવા માટે કરોડપતિ ઉધોગપતિ મિસ્ટર સોમાણીની કાર આવે છે, મેઘના તેમને નીચે સુધી મુકવા જાય છે, ત્યાં મિસિસ સોમાણી મેઘનાને પણ આગ્રહપૂર્વક પોતાની ઘેર લઇ જાય છે. એ લોકોના ગયા પછી કૃષ્ણકાંત વસંત પર અમીના જવાબોને કારણે ગુસ્સે થાય છે. ત્યારે અમી આવીને કહે છે કે, જે કહેવું હોય તે મને કહો. અને અમી તથા કૃષ્ણકાંત વચ્ચે થોડા વિવાદ પછી અમી કહી દે છે કે, આંખ મીંચીને બીજાનું કહ્યું સ્વીકારે તે જાગૃત માણસની નિશાની નથી. કૃષ્ણકાંતને ભયંકર અકળામણ થઇ જાય છે કે, આટલાં વરસોની

તપસ્યા અને ઉપલબ્ધિ આ લોકોની નજરમાં નિરર્થક વ્યાયામ હતો ? તો ભલે એમ, એમને કોઈની મંજૂરીની મહોરની જરૂર નહોતી.

અમીનું કહેવું એમ છે કે ધર્મ જો સહિષ્ણુતાનો પાઠ શીખવતો હોય તો બીજાના વૈચારિક સ્વાતંત્ર્યને સહન કરવા અને સ્વીકારવાની કૃષ્ણકાંતની ય તૈયારી હોવી જ જોઈએ. એમણે અમીને કહ્યું કે, આજનું એનું વર્તન એમના કુટુંબની પરંપરાને અનુસાર નહોતું. અને બધાંએ આ ઘરના રીતરિવાજ, પરંપરા પ્રમાણે વર્તવું જ પડશે. વસંત અમીનો બચાવ કરવાનો પ્રયાસ કરે છે. ત્યારે કૃષ્ણકાંત કહે છે કે, તેઓ આવી ઉદ્ધતાઈ નહિ જ ચલાવી લે તો અમી જવાબ આપે છે કે, હવે હું નાની નથી માટે જ કહું છું કે હું જે માનતી નથી તેનો દંભ કરવાની તમે મને ફરજ પાડી શકો નહિ, આટલું કહી તે પોતાના રૂમમાં ચાલી જાય છે. કૃષ્ણકાંત હાથ ઉગામી તેની પાછળ દોડવા જાય છે ત્યારે વસંત મક્કમતાથી તેમનો હાથ પકડી લે છે.

અને કૃષ્ણકાંત કહે છે કે, સારું છે મારી બા હયાત નથી નહીં તો બિચારીને આ છોકરી દુઃખી કરી મૂકત. ત્યારે વસંતનું મન ઘવાય છે અને તે પૂછે છે કે, પોતાની જ દીકરી માટે જ કૃષ્ણકાંત આમ બોલે છે ? ત્યારે કૃષ્ણકાંત વસંતને કહે છે કે, અમી એમનું સંતાન નથી વસંતના પાપનું, વાસનાનું ફળ છે. વસંત દુઃખથી સ્તબ્ધ થઈ જાય છે, એના મનમાં એક સાથે ભૂતકાળના કેટલાય સ્મરણો ઉભરાઈ આવે છે. કૃષ્ણકાંત તો પોતાના રૂમમાં ચાલી ગયા છે, પાઠપૂજા કરવા. પણ અમી વાવાઝોડાની જેમ ધસમસતી આવીને વસંતને પૂછે છે, એ વાસનાનું ફળ એટલે શું ? ઓગણીસેક વરસની અમીને ટાળવાની વસંત ઘણી કોશિશ કરે છે, પણ અમી પોતાની વાતને વળગી રહે છે, ને પોતાના જન્મનું રહસ્ય જાણી ને જ રહે છે. અને પોતાની માનો પોતાને જન્મ આપવા માટે આભાર માને છે. પછી તે વસંતને પૂછે છે કે, પપ્પા ચૈતન્ય પીઠ જાય છે, તે આખો દિવસ આવા પ્રવચનો સાંભળીને ચક્કર નહિ આવતા હોય ? ત્યારે વસંત જે જવાબ આપે છે તેનાથી આપણને સમજાય છે કે, વસંત એક સ્વતંત્ર

વિચારધારા અને પરિપક્વ વિચારોવાળી વ્યક્તિ છે. તે અમીને જણાવે છે કે અમી ત્યાં વહીવટ કરવાનો હોય છે. તે કહે છે કે  ચૈતન્ય પીઠ પાસે કરોડો રૂપિયાના ટ્રસ્ટ છે, અને દાનનો ડુંગર થાય એટલો પૈસો છે. ચોતરફ ફેલાયેલી કેટલીયે આધ્યાત્મિક પ્રવૃત્તિઓ, આધ્યાત્મિક કેન્દ્રો, પરીક્ષાઓ આ એક વિશાળ યંત્ર છે, એને ચલાવવા જે કાર્યકરો જોઇએ. તારા પપ્પા એમાંના એક છે. એટલે અમી કટાક્ષમાં કહે છે કે, એનો અર્થ કે આ ધર્મને નામે ચાલતો ધીકતો ધંધો છે એમ ને ?

એ વખતે જ કૃષ્ણકાંત બારણું ઉઘાડીને ધસી આવીને વસંતને કહે છે કે, અમીને મારી વિરુદ્ધ ચડામણી કરવા તમને આજનો જ દિવસ મળ્યો ? અને ફરી બાપ, દીકરી વચ્ચે ઝઘડો થાય છે, અંતે કૃષ્ણકાંત અમીને કહે છે કે, આ મારું ઘર છે અને અહીં મારું ધાર્યું જ થશે. ત્યારે અમી જવાબમાં કહે છે, "-માત્ર તમારું ઘર ? આ ઘર મારું, મમ્મીનું પણ છે. બર્થરાઇટ. જન્મના અધિકારથી. પછી તમને મારો જન્મ ગમ્યો હોય કે નહીં.... - હું વાસનાનું જંતુ હોઉં તો ય તમારી દીકરી તો ખરીને એટલે મારો પણ આ ઘર પર હક્ક ખરો ને ! ગુરુજીને પૂછવું જોઇએ સંતાનનો જન્મ પાપ છે ? હોય તો કોનું ? પિતાનું કે પુત્રીનું ? એ તો ગુરુ છે, એમની પાસે જવાબ હશે." [8]

અને એને થયું કે અહીં રોકાશે તો એ કંઇ અઘટિત કરી બેસશે, તે દોડતી ઘરની બહાર નીકળી જવા જાય છે. ત્યાં ગુરુજીને મૂકીને આવતી મેઘના એનો હાથ પકડી લઇને અટકાવે છે. બંને બહેનો વચ્ચે પણ બોલાચાલી થઇ જાય છે. અમી મેઘનાનો હાથ છોડાવી ચાલી જાય છે. કૃષ્ણકાંત મેઘનાના પ્રશ્નોના જવાબમાં દોષનો  ટોપલો વસંત પર ઢોળી દે છે. વસંત કૃષ્ણકાંત સામે જોઇ રહે છે, થોડી વાર પહેલાં અમી પર વરસી પડેલા કૃષ્ણકાંત અત્યારે સાવ ઢીલા થઇ ગયા છે. એમની આંખમાં સ્પષ્ટ આજીજી વાંચી શકાતી હતી. વસંત દીકરીઓને પ્યાદું બનાવીને કોઇ ચાલ કદી ચાલી નહોતી. તે ચૂપ જ રહે છે. મેઘનાએ કદી પપ્પા, મમ્મીને

ઝઘડતા  જોયા ન હતા. પણ આજે તેને મમ્મીપપ્પાના વર્તનથી લાગે છે કે એની ગેરહાજરીમાં કશુંક બન્યું છે. તે વસંતને પૂછે છે. શી વાત છે એમ, પણ વસંત એને ટાળીને બીજી વાતે ચડાવી દે છે. મેઘના મિસ્ટર સોમાણીની ઘેર એની સાથે કેવો સરસ વ્યવહાર થયો અને એમની ઘેર બધાં કેવા ધાર્મિક છે એ બધી વાતોએ ચડી જાય છે. તે માને કહે છે કે, એને એમના ઘરની એક વાત બહુ જ ગમી કે ઘરના બધાનાં જ નામ ધાર્મિક છે. મિસ્ટર સોમાણીનું નામ હરિકૃષ્ણ, એમની પત્નીનું નામ ગીતા, પુત્ર સંસ્કાર અને પુત્રીનું નામ પૂજા.

તે દિવસે વસંતે મેઘનાને એક વાર સમજાવવાની કોશિશ કરી કે, આખો દિવસ ચૈતન્ય પીઠમાં વીતાવવાને બદલે થોડોક સમય મારી સાથે પણ વીતાવ કૉલેજની સાથે પણ આ પ્રવૃત્તિમાં વ્યસ્ત હતી ને હવે તો પુરેપુરો સમય એ પ્રવૃત્તિને જઆપે છે. તો મેઘના કહે છે કે, એ તો મારુ જીવન છે. વસંત કહે છે કે, એ જ માત્ર જીવન નથી, થોડા સમયમાં તારું લગ્ન થશે તું તારી નવી દુનિયા વસાવીશ, તારો ઘરસંસાર, તારા બાળકો પછી મારી સાથે રહેવાનો સમય ક્યારે મળશે ? પણઆધ્યાત્મિક અને ધાર્મિક વિચારોના સંભ્રમથી ઘેરાયેલી મેઘના કશું ય સમજવા તૈયાર નથી.

ઘેરથી ગુસ્સામાં બહાર નીકળી પડેલી અમી આમ-તેમ ભટકીને પોતાની બહેનપણી ચૌલાની ઘેર જાય છે. ચૌલાના ઘરનું મુક્ત વાતાવરણ તેને ખુબ ગમતું હોય છે. તેને હંમેશા થતું કે, પોતાના ઘરનું વાતાવરણ કેમ આવું નથી ? ચૌલાની આગળ રડતાં રડતાં મન હળવું કરીને તેણે પોતાને ઘેર બનેલી ઘટ્નાઓનો અછડતો ઉલ્લેખ કર્યો. ચૌલાના આધુનિક ઢબે સજાવેલા રૂમને જાણે પહેલી જ વાર જોતી હોય તેમ જોતી અમીનું મન ચૌલાનું ઘર અને પોતાના ઘરની સાજ-સજ્જાની મનોમન સરખામણી કરી રહે છે. એમના ઘરમાં જ્યાં જુઓ ત્યાં શાસ્ત્રીજીના ફોટા,ગીતા સંદેશના પૉસ્ટર્સ અને ચૌલાના રૂમમાં પૉપ સિંગર, ક્રિકેટર્સ, ફિલ્મ સ્ટાર્સના પૉસ્ટર્સ. મોટા ટેડીબેરમાં ઘડિયાળ. સોનીનું નાનું ટી.વી. મ્યુઝિક સિસ્ટમ,

સી.ડી નું ખાસ્સું કલેક્શન. એક મોટી સીરામીક ફ્રેમમાં આંખ કુટુંબની કેટલી બધી તસવીરો...તેને યાદ આવે છે એના ઘરનું એક પૉસ્ટર જેમાં ભગવાનના ફોટાની જોડે જ ગુરુજીનો ફોટો હતો.એને થાય છે, એક મનુષ્યને ઈશ્વર સમકક્ષ ગણવાની સત્તા ગુરુજીને કોને આપી ? ચૌલાના પપ્પાએ અમીનું દુઃખ વિના કહ્યે સમજીને તેનું મન આનંદિત થાય એ માટે ક્લબમાં જવાનો કાર્યક્રમ ગોઠવ્યો. ક્લબમાં જઇને એણે અને ચૌલાએ સ્વિમિંગ કર્યું પછી ત્યાં જ જમ્યા, ને થોડી રમતો રમ્યા, સાંજે સમુદ્ર કિનારે લૉંગ ડ્રાઈવ પર લઇ જઈને ચૌલાનું કુટુંબ અમીને રાત્રે તેને ઘેર મૂકી ગયું.

આ ઘટના બન્યા પછી અમીના મનમાં વસંતને માટે અહોભાવ, પ્રેમ, સહાનુભૂતિ ખુબ વધ્યા છે. ચંચળ, ઉછ્ળતી, કૂદતી અમીને માની પીડાનો અહેસાસ થાય છે. તે આ અહેસાસ મેઘનાને કરાવવાનો પણ પ્રયાસ કરે છે. માને સુખી કરવાની પોતાની જવાબદારી ગંભીરતાપૂર્વક સ્વીકારીને તે વસંતની સાથે વાતચીત કરી તેના મનમાં ઉગતા પ્રશ્નો પૂછી વસંતનું દુઃખ સમજવાની કોશિશ કરે છે. એક દિવસ મેઘના ને કૃષ્ણકાંત ચૈતન્ય પીઠ ગયા હોય છે, ત્યારે તે વર્ષોથી કામકાજ સિવાય કદી બહાર ના નીકળેલી વસંતને અંગ્રેજી ફિલ્મ જોવા પરાણે ખેંચી જાય છે અને ત્યાંથી આવતા પહેલા આગ્રહપૂર્વક ચાઈનીઝ હોટેલમાં ડિનર માટે લઇ જાય છે. એ લોકો ઘેર પહોંચે છે ત્યારે કૃષ્ણકાંત અને મેઘના ઘેર આવી ગયાછે, અને ઘેર રસોઈ તૈયાર નથી, નોકર દલુ કે વસંત અને અમી પણ ઘેર નથી માટે ધૂંધવાયેલા છે. એમાં જયારે વસંત કહે છે કે, એ લોકો ફિલ્મ જોઈને ચાઈનીઝ હોટેલમાં ડિનર લઈને આવ્યા છે ત્યારે અકળાઈને કૃષ્ણકાંત કપડાં બદલવા ગયેલી વસંતના રૂમમાં જઇને તેને આ ઉંમરે આવું ઉછાંછળું વર્તન શોભતું નથી એવી ટીકા કરે છે. એમના મતે આ રીતે ભટકવાથી દીકરી બગડી જાય. વસંત સામી દલીલ કરતા કહે છે કે, સારા સંસ્કારને નામે તમે મેઘનાની વિચારશક્તિ કુંઠિત કરીને તેને કઠપૂતળી બનાવી દીધી છે. કૃષ્ણકાંત આ સાંભળીને ગુસ્સે થઇ જાય છે ત્યારે વસંત કહે છે કે બીજા કોઈના તમારાથી જુદા અભિપ્રાયને

તમે સ્વીકારી નથી શકતા ને અધ્યાત્મની વાતો કરો છો. કૃષ્ણકાંત થોડીક વાર અવાક્ થઇને બેસી રહે છે પછી ઉઠીને ચાલ્યા જાય છે. આમ આટલી ઉંમરે પણ વસંતે તેમની ઘરની જવાબદારી માટે ટોકવા પડે એટલી હદે કૃષ્ણકાંત આ બધી પ્રવૃત્તિઓમાં રચ્યા-પચ્યા છે.

વૃંદાવન સંકુલના ઉદ્‌ઘાટનની તૈયારી જોર-શોરથી ચાલી રહી હોય છે, ત્યારે અમી મેઘનાને ન્યુઝ પેપરમાં આ ફંક્શનમાં ભાગ લેવા ગામડેથી આવેલી એક સ્ત્રી તાવ આવતો હોવાને કારણે ફૂટપાથ પર જ મૃત્યુ પામી તેનો ફોટો બતાવતાં કહે છે કે ઘણા બધાં ગરીબ લોકો ગામડેથી આ ફંક્શનમાં ભાગ લેવા આવ્યા છે, વૃંદાવન સંકુલમાં તો ઘણી બિલ્ડીંગ છે, અને આ ગરીબોએ પણ સંસ્થાને યથા શક્તિ દાન આપ્યું હશે તો આ બધાંને માટે ઉતારાની, ભોજનની, દવાની  વ્યવસ્થા કેમ નથી ? શા માટે એ લોકો આમ ફૂટપાથ પર દવા વિના મરી જાય ? તમારા ગુરુજી તો વસુધૈવ કુટુંમ્બક્મની વાતો કરે છે, તારામાં હિંમત હોય તો એમને પૂછ કે, આવું શા માટે છે ? મેઘના અમીને માત્ર એટલું જ કહે છે કે, આ સાચ્ચે જ દુઃખદ ઘટના છે, પણ હમણાં મને જવાનું મોડું થાય છે, ગીતાબહેનની ગાડી મને લેવા આવવાની છે, પછી એમને લઈને વૃંદાવન સંકુલ જવાનું છે. અમી કહે છે કે, આ પ્રશ્નો મારાં પહેલા તને થવા જોઈએ હું તમારા કહેવા મુજબ ભૌતિક વિશ્વમાં જીવું છું ને તમે લોકો તો આધ્યાત્મિક વિશ્વમાં જીવો છો. મેઘના ફરી એક વાર મોડું થાય છે એમ દલીલ કરે છે ત્યારે અમી કહે છે, ભલે એક દિવસ મોડું થાય, પણ મને કહે આ તમારી દુનિયા ઠીક છે ? તેં કદી આપણા ઘરનો વિચાર કર્યો  છે, મમ્મીની એકલતાનો વિચાર કર્યો  છે ? તો મેઘના કહે છે કે 'તું ને દલુ તો હો છો ઘેર એ ક્યાં એકલી છે ?

અમી કહે છે, મેઘના તું સાચે જ બુદ્ધુ  છું, મમ્મી માત્ર ઘરમાં જ નહિ જીવનમાં પણ એકલી છે તે તને કદી સમજાયું જ નથી. પપ્પા પાસે મમ્મી માટે કદી સમય તો હોતો જ નથી પણ પપ્પા તરફથી લાગણીની હૂંફ પણ મમ્મીને કદી મળતી નથી, પપ્પાએ ભલે આ બધું વિચારવાનું

છોડી દીધું હોય આપણે તો મમ્મીની કાળજી લઈ શકીએ. મેઘના પોપટની જેમ પઢાવેલું બોલે છે કે, મને મમ્મી ગમે છે પણ હું જે માર્ગે જઈ રહી છું તે જીવનનો સન્માર્ગ છે. અમી ગંભીરતાપૂર્વક ફરી વાર મેઘનાને કહે છે કે તું અને પપ્પા બીજાને માટે ઘસાઓ છો, સમય, શક્તિ અને પૈસા ખર્ચો છો પણ ઘરનું જ માણસ એકલું પડી ગયું છે એની તમને કેમ ચિંતા નથી થતી ? તરત મેઘના કહે છે કે એમાં મમ્મીનો જ વાંક છે, પપ્પાએ મમ્મીને કેટલી વાર ચૈતન્યપીઠ આવવાનું કહ્યું છે, ત્યાં કેટલી બધી પ્રવૃત્તિઓ ચાલી રહી છે, અમી કહે છે એમાં મમ્મીને રસ હોવો જોઈએ ને ? ત્યાં  જ મેઘનાને બોલાવવા  માટે ગીતાબહેનનો ડ્રાઈવર આવે છે ને તે દોડીને  ચાલી જાય છે. વસંત અમીને કહે છે કે અમી શું કામ ખોટી માથાકૂટ કરે છે મેઘના સાથે ? તે અમીને સમજાવે છે, સ્નેહ અને માન માંગ્યા મળે એમાં આપણું ગૌરવ નહીં. માત્ર ફરજ ખાતર કે ઋણ ચૂકવવા માટે પણ કોઈ એનો વિચાર કરે તે એને ના ગમે.તે કહે છે કે, એ આ બધાથી ટેવાઈ ગઈ છે.

તે દિવસે ફરી એક વાર અમી વસંતને બહાર ફરવા ખેંચી જાય છે. આજે તો એમને ખબર છે કે, કૃષ્ણકાંત અને મેઘના પાછા આવવાના નથી. વસંતનો મૅનોપોઝ સમય ચાલી રહ્યો છે. એને અવારનવાર ભારે બ્લીડીંગ થતું હોય છે. તે દિવસે આખો દિવસ બહાર ફરીને વસંત સખત થાકી જાય છે. ઘેર પહોંછે ત્યારે એને જરા ચક્કર આવે છે. એ કપડાં બદલીને સુઈ જાય છે. પણ અડધી રાતે તે પલંગ પરથી પડી જાય છે ને તેને અચાનક બહુ જ બ્લીડીંગ ચાલુ થઇ જાય છે. જેમ તેમ કરતાં તે અમીને બૂમ પાડી ઉઠાડે છે. અમી પાડોશીની મદદથી વસંતે જણાવેલ દવાખાને તેને પહોંચાડે છે. ડૉકટર ઇમર્જન્સીમાં વસંતનું ઑપરેશન કરીને તેનું ગર્ભાશય કાઢી નાખે છે. વૃંદાવન સંકુલમાં ફોન લાગતો નથી.અમીને ખબર નથી પડતી શું કરવું. તે ચૌલાની ઘેર ફોન કરે છે અને ચૌલાના પપ્પા-મમ્મી અને ચૌલા તરત અડધી રાતના દોડી આવે છે. ઑપરેશન પછી અમી મનોમન કૃષ્ણકાંતને કહે છે કે આ અવહેલના અને ઉપેક્ષાની તમારે બહુ ભારે કિંમત ચૂકવવી પડશે અને ત્યારે બહુ મોડું થઈ ગયું હશે. બીજે

દિવસે મેઘના અને કૃષ્ણકાંત આવે છે. ત્યારે અમી બંનેને ગુસ્સે થઈને ઘણો ઠપકો આપે છે. મેઘના હજી ય કૃષ્ણકાંતનો બચાવ કરે છે. અને થોડીવાર પછી વસંત ભાનમાં આવે છે, ત્યારે બધાં એની પાસે જાય છે. કૃષ્ણકાંત વસંતની માફી માંગી એની ખબર પૂછે છે, પણ વસંત કોઈ જવાબ નથી આપતી. મેઘના પણ માફી માંગીને ખબર પૂછે છે. વસંત થાકેલા સ્વરે એનું માથું અને શરીર દુ:ખે છે કહી આંખો બીડી દે છે. ત્યારે જ કૃષ્ણકાંતના મોબાઈલ પર કૉલ આવે છે. તે વાતો કરીને કૉલ કટ કરે છે. ત્યારે મેઘના એમને ઘેર જઇને આરામ કરવાનું કહે છે. કારણકે સાંજે અગત્યની મિટિંગ છે, જે કેન્સલ થાય તેમ નથી. અમીને થાય છે કે, તો હમણાં અહીં રોકાવાનું કહેતા હતા એ ખોટું જ બોલતા હતા ને ? મેઘના કૃષ્ણકાંતને સમજાવી ઘેર મોકલે છે. અમીને ખરાબ ના લાગે માટે તે કહે છે કે, પપ્પા તો જવા તૈયાર જ નહોતા, પણ પછી ડૉક્ટરે કહ્યું કે, મમ્મીની તબિયત સારી છે એટલે ગયા. ઑપરેશનને દિવસે અને પછી હોસ્પિટલમાં વસંત જોડે અમી જ રોકાય છે એના બીજા દિવસે સવારે કૃષ્ણકાંત અને મેઘના ચા, નાસ્તો લઇને આવે છે. વળી બીજે દિવસે મેઘના કહે છે, ગુરુજીએ મમ્મીની ખબર પૂછી છે ને અમને આજે નહિ આવો તો ચાલશે એમ કહ્યું છે. અમીને ખુબ અકળામણ થાય છે કે, આમાં ગુરુજી શું કહે, એમને પોતાને એમ નથી થતું કે એમણે વસંત પાસે રોકાવું જોઇએ. પણ તે કાંઇ બોલતી નથી. એને આ લોકોના દંભનો કંટાળો આવે છે.

થોડા દિવસ પછી એક વાર વસંતને થોડું સારું લાગતા એ હોસ્પિટલના આંગણામાં દરિયા કિનારા સામે મુકેલી બેન્ચ પર થોડી વાર માટે બેઠી હોય છે. અમી ને મેઘના ઘેર ગયા હોય છે, કૃષ્ણકાંત એની પાસે બેઠા હોય છે. વસંત કહે છે,તમારે અહીં દોડાદોડી કરવાની જરૂર નથી. મને ખબર છે કે તમારે ત્યાં ઘણું કામ છે. તો કૃષ્ણકાંત વસંતને પૂછે કે, તમારી તબિયત આટલી ખરાબ હતી તો મને જણાવ્યું કેમ નહીં. ત્યારે વસંત કહે છે ઘરમાં સાથે રહેવાથી જ લોકો એકમેક સાથે જીવતા નથી હોતા. બંને વચ્ચે થોડો વિવાદ થાય છે, અકળાયેલી વસંત કહે છે, મારે જયારે જયારે જરૂર પડી ત્યારે તમે મારી સાથે નહોતા, તે કૃષ્ણકાંતને અહીં

હાજરી પુરાવવા આવવાની ના પડે છે. અને કહે છે કે, તમારે મોડું થતું હશે, ત્યાં તમારે પ્રમુખપદની ચૂંટણીનું ફોર્મ ભરવાનું છે, અગત્યની મિટિંગ છે, વૃંદાવન સંકુલમાં કલ્યાણ પર્વની ઉજવણી છે. કૃષ્ણકાંત નવાઈથી વસંતની સામે જોયા કરે છે. વસંત કહે છે, હું કાંઇ તમારી જાસૂસી નથી કરતી આ બધું તો છાપામાં આવ્યું  છે. તે જ સમયે ડ્રાઈવર કૃષ્ણકાંતને પૂછે છે કે, તેઓ તો દસ,પંદર મિનિટમાં જવાના હતા ને ?  જવાનું છે કે ગાડી અંદર પાર્ક કરી દે ? આમ અનાયાસે કૃષ્ણકાંતનું  જુઠ્ઠાણું પકડાઈ જાય છે. વસંત પહેલા તો આઘાતથી સ્તબ્ધ થઇ જાય છે, પછી સ્મિત કરીને  કૃષ્ણકાંતને કહે છે કે, સાચું બોલવાની હિંમત ના હોય તો આ આત્મોન્નતિ ને ભગવદ્પ્રીત્યર્થે જેવા શબ્દો તમારે મોઢે શોભતા નથી. અને  કૃષ્ણકાંત કંઇ બોલે એ પહેલા રૂમમાં ચાલી જાય છે. વસંતનાં ટાંકા તોડ્યાના બે દિવસ પછી એ લોકોની રાહ જોયા વિના અમી ચૌલાની ગાડીમાં વસંતને ઘેર લઇ આવે છે. અમી અને ચૌલાએ વસંતનું સ્વાગત કરવા તેના રૂમને સરસ શણગાર્યો છે, અને પાડોશી બહેન પાસે કેક પણ બનાવડાવી છે. વસંતને  હજી મહિનો બરોબર આરામ કરવાનો છે.

મેઘના અને કૃષ્ણકાંત ધીમે ધીમે પહેલાની જેમ વૃંદાવન સંકુલના આંટાફેરા ચાલુ કરી દે છે. અમીને ચૌલા રોજ વસંત પાસે બેસીને વાંચે છે. ધીમે ધીમે વસંત ઘરમાં હરતી, ફરતી થાય છે. પછી એક દિવસ અમીને ચૌલાની મમ્મી કહે છે કે મેઘનાના લગ્ન ગીતાબેન સોમાણીના છોકરા જોડે નક્કી છે એવી વૃંદાવન સંકુલમાં વાતો થાય છે. અમી આ ખબર સાંભળીને ચોંકે છે. ચૌલાના ફોઈ દિપ્તીબહેન પણ શાસ્ત્રીજીની ચૈતન્ય પીઠના વરિષ્ઠ કાર્યકર્તા છે. ભક્તિ કરવા એમણે તો લગ્નસુધ્ધાં નથી કર્યા. અમી સમજી જાય છે કે, આ માહિતી દીપ્તિ ફોઈએ જ આપી હશે. તે ઘેર જઈને વસંતને આ અંગે જાણ કરે છે. વસંત બીજે દિવસે સવારે આ બાબતે કૃષ્ણકાંત સાથે ઝઘડો કરે છે. કૃષ્ણકાંત કહે છે કે એમને કંઈ જ ખબર નથી. પણ વસંત તેમનો વિશ્વાસ કરતી નથી. તે મેઘનાને વૃંદાવન સંકુલ જવાની ના પડી દે છે. એ જ સમયે ગીતાબહેન સોમાણી  આવીને પોતાના દીકરા માટે મેઘનાનો હાથ માંગે છે. કૃષ્ણકાંત તો

ધન્ય ધન્ય થઈ જાય છે. છતાં થોડી વાર પહેલાનું વસંતનું રૂપ જોયેલું એટલે આ બાબતમાં દીકરીની મા જ ફેંસલો કરશે એમ કહે છે. મેઘનાના વર્તનથી તે આ વિવાહ માટે રાજી છે એમ સમજાય છે એટલે ગીતાબહેનની ઘેર એમના દીકરાને જોવા જવા વસંત તૈયાર થાય છે. જો કે વસંત એ લોકોને પૂછે તો છે જ કે એમના સ્ટેટ્સ પ્રમાણે એમને છોકરી મળી જ રહેત તો ય એમણે કૃષ્ણકાંતને ઘેર શા માટે માંગુ નાખ્યું ?

મિસિસ સોમાણી કહે છે એમને મેઘનાનો શાંત ધાર્મિક સ્વભાવ અને ભક્તિના સંસ્કાર ખુબ ગમી ગયા હતા એટલે. વસંતને આ વાત બહુ ગળે તો નથી ઉતરતી, પણ ના પાડવા માટે કોઈ દેખીતું કારણ પણ નહોતું. અમીની પરીક્ષા પૂરી થતાની સાથે જ મહિનામાં જ મેઘનાના લગ્ન થઇ જાય છે. અને મેઘના ચાલી જાય છે. મેઘનાના લગ્નમાં વિદાય વખતે કૃષ્ણકાંત, અમી કે વસંત મેઘનાને મળી જ નથી શકતાં. અને મોટા-મોટા લોકો આગળ પોતાના માબાપની આ લોકોને મન કોઇ કિંમત નથી એ ય અમીને સમજાઇ ગયું. એટલે અમી વસંત આગળ ઘેર ગયા પછી ફરિયાદ કરે છે. પણ મી.સોમાણીથી અંજાઇ ગયેલા કૃષ્ણકાંતને કશો ફેર નથી પડતો. તેમને વસંત અને અમી વાંકદેખા લાગે છે.

મેઘનાના લગ્નના બે દિવસ પછી જ વૃંદાવન સંકુલમાં નવા નિમાયેલા ટ્રસ્ટીઓની મિટિંગ હતી. એમાં બે પક્ષ થઈ ગયા હતા. તેમની વચ્ચે ઝઘડો થાય છે ને કૃષ્ણકાંત અને બીજા ત્રણેક ટ્રસ્ટીઓને બીજા પક્ષના લોકો મારે છે. એમને હોસ્પિટલમાં દાખલ કર્યા છે તે જાણીને વસંત અને અમી ત્યાં દોડી જાય છે. ત્યાં કેમ કરતાં આ લોકોને જ માર પડ્યો એ જાણવાનો પ્રયાસ કરતાં વસંત અને અમી બીજા ટ્રસ્ટીઓ જે કૃષ્ણકાંતને અહીં લઇ આવ્યા છે. તેમની સાથે ઝઘડી પડે છે. કૃષ્ણકાન્તને દવાખાનામાં દાખલ કરનાર ટ્રસ્ટીઓના વિરોધને અવગણીને પોલીસની મદદથી વસંત અને અમી કૃષ્ણકાન્તને એ ખખડધજ હોસ્પિટલમાંથી સારી વિશ્વસનીય હોસ્પિટલમાં દાખલ કરીને મોડી રાતે ઘેર પાછા આવે છે. સવારે છાપામાં

આવેલા સમાચારોને કારણે વસંત અને અમી વૃંદાવન સંકુલમાં કહેવાતા અધ્યાત્મવાદીઓ અને ધર્મિષ્ઠ લોકોની ટ્રસ્ટની સંપત્તિ માટેની સાઠમારીનું રાજકારણ સમજે  છે. અને એમનું મન વિતૃષણાથી ભરાઇ જાય છે. સવારથી તેમની ઘેર પત્રકારો ઇન્ટરવ્યૂ લેવા માટે કૉલ કરે છે. અમી બધાને ઇન્ટરવ્યૂ આપવાની ના પાડી દે છે.

ટ્રસ્ટીઓમાં પડી ગયેલા બે ગ્રુપને કારણે જે જુના કાર્યકર્તાઓ શાસ્ત્રીજીની વિરુદ્ધમાં ગયા છે તેમની ઉપર શાસ્ત્રીજીના પક્ષમાં રહેલા લોકો જાસૂસી કરે છે, એટલે જ ડૉક્ટર  સવારમાં જ વસંતને ફોન કરીને કહે છે કે, હવે કૃષ્ણકાંતને ઘેર રાખીને જ સારવાર કરાવો, હોસ્પિટલમાં એ સંપૂર્ણ સલામત નથી. અને વસંત અને  અમી તેમને ઘેર લઇ આવે છે. મેઘનાનો કૃષ્ણકાંતના મોબાઇલ પર તેમની પરિસ્થિતિ જાણવા ફોન આવે છે. અમી અને વસંત તેને આશ્વાસન આપીને કશું ચિંતાજનક નથી એમ જણાવે છે. પછી કૃષ્ણકાંતને ઘેર લઇ આવે ત્યારે તેમની સાથે ય મેઘનાની વાત કરાવી તેને નિશ્ચિત રહેવાનું કહે છે. મી.સોમાણી વિદેશ ચાલ્યા ગયા છે અને મિસિસ સોમાણી ખરાબ તબિયતનું બહાનું કાઢીને કોઇ તેમનો સંપર્ક ના કરી શકે એટલે તેમના ફાર્મહાઉસમાં રહેવા ચાલ્યા ગયા છે. અમીને ખુબ ગુસ્સો આવે છે કે આ કહેવાતા ગુરુભાઇ, બહેન પોતાના વેવાઇ કૃષ્ણકાન્તની તબિયતના સમાચાર પૂછવા જેટલો ય વિવેક બતાવતા નથી. જે લોકો શાસ્ત્રીજીના ભાઇ ભત્રીજાને ટ્રસ્ટના વારસદાર બનાવવાના નિર્ણયની વિરુદ્ધ છે તે લોકો જો આ નિર્ણયની વિરુદ્ધ અથવા વૃંદાવન સંકુલની અંદર હાલમાં ચાલતી પ્રવૃત્તિઓ વિષે ક્યાંક મ્હોં ખોલે, તો તેમની ઉપર અને તેમના પરિવારજનો ઉપર શાસ્ત્રીજીના પક્ષમાં રહેલા લોકો  જીવલેણ હુમલા પણ કરે છે. ધર્મને નામે ચાલતા આવા ધતિંગને કારણે દીપ્તિ ફોઇ જેવા કેટલાય વરિષ્ઠ સ્વાધ્યાયીઓએ વૃંદાવન સંકુલ જવાનું બંધ કર્યું છે. તે લોકો આ બધી ખબરોથી વિક્ષુબ્ધ થઇ ગયા છે. ઘણા જ્ઞાની કાર્યકર્તાઓ જે શાસ્ત્રીજીના આ નિર્ણયનો વિરોધ કરે છે તેમને ટ્રસ્ટની શાળાઓમાંથી અપમાનિત કરીને કાઢી મૂકવામાં આવ્યા છે.

વસંતને થાય છે કે, હવે તો કદાચ કૃષ્ણકાન્તની આંખ ઉઘડશે. પણ તેની આ આશા વાંઝણી છે, કૃષ્ણકાન્ત તો અંધ ભક્ત છે. પોતાની બુદ્ધિથી જે ખોટું થઇ રહ્યું છે તે વિષે વિચારવાની કદાચ એમનામાં તાકાત જ નથી. તેમણે ગુરુજીને અનુસરવાને જ ધર્મ માની લીધો છે. તેમને મન ગુરુજીનો વિરોધ કરનાર બધાં જ પાપી છે. કૃષ્ણકાંતને થોડું સારું થાય છે ત્યારે ફરી એક વાર અમી તેમની સાથે વસંતનો પક્ષ લઇને બાખડી પડે છે. અને તેમને ચોખ્ખા શબ્દમાં કહે છે કે અધર્મ થઇ રહ્યો છે, છતાં ય માત્ર ગુરુજીને પક્ષે રહીને મોટા કહેવડાવવાની અને પુણ્ય ને સ્વર્ગ પ્રાપ્તિની લાલચે તમે અધર્મના પક્ષે છો એના માટે મને તમારી શરમ લાગે છે. કૃષ્ણકાંત પોતે ખોટા છે તે સ્વીકારવા જ તૈયાર નથી. અમી તેમને કહે છે કે, એમને આજની પેઢી અવિચારી, અવિવેકી ને માર્ગ ભૂલેલી લાગે છે, તો એમનામાંથી આ પેઢીને માર્ગ બતાવવા કોઈ કેમ ગાંધી કે વિવેકાનંદ જેવા રોલમોડેલ ના બન્યા ? તે કહે છે કે, એક સમયે એમણે તેને વાસનાનું ફળ કહી હતી ને તો ભલે એમ, પણ ફળનો શું વાંક ? એ તો એની મેળે ઉગે. પણ અમીને કહેતા દુઃખ થાય છે કે તેઓ તો એક પરોપજીવી જીવડું છે, જે ગુરુજીની કીર્તિના લોભે અને સ્વર્ગની લાલચે એમની પર નભે છે. એમનો એ આધાર જો ખસી જશે ત્યારે તે કોને આધારે જીવશે ? અને તે પોતાના રૂમમાં ચાલી ગઈ. કૃષ્ણકાંત સ્તબ્ધ થઇ જાય છે, પણ છતાં હજી તેમને પોતાના વાંકને બદલે વસંતનો જ વાંક લાગે છે.

લગભગ બે મહિના પછી હનિમૂનથી પાછી આવેલી મેઘના ઘણી બધી ભેટ,સોગાદો લઇને ઘેર મળવા આવે છે. અને બે-ત્રણ કલાકમાં જ ચાલી પણ જાય છે. મેઘનાને જોઈને વસંત અને અમી બંનેને એમ થાય છે કે, તે નવપરણિતા જેવી પ્રફુલ્લ ને ઉત્સાહી નથી લાગતી પણ થાકેલી અને દુર્બળ થઈ ગઈ હોય એવી લાગે છે. બે ય મેઘનાને પૂછે છે પણ ખરાં પણ મેઘના કહે છે કે ચિંતા કરવા જેવું કાંઇ નથી એ ફરી ફરીને થાકી ગઇ છે .મેઘનાના ગયા પછી અમી એ જ ચર્ચા ફરી કરે છે. તેણે બીજી એક વાત પણ નોંધી હોવાનું વસંતને જણાવે છે કે, આ વખતે મેઘનાએ ગુરુજી અને તેમની પ્રવૃત્તિઓ અંગે કોઈ જ ચર્ચા કરી નથી. વસંત કહે છે કે,

એમાં શું એને ખબર છે કે, એ લોકોને એમાં રસ નથી એટલે એમને  દુઃખ ના થાય માટે એની ચર્ચા ના કરી. સમજ કે તે લગ્ન પછી ઠરેલ અને શાંત થઇ ગઈ છે. પણ અમીને આ ખુલાસો ગળે ઉતરતો નથી. સાંજે કૃષ્ણકાંત બધી મોંઘી ભેટ, સોગાદ જોઈને ખુશ થાય છે અને મેઘના પોતાને મળવા કેમ ના રોકાઈ તેનું કારણ પૂછે છે. વસંત કહે છે કે એ લોકોએ મેઘનાને રોકાવા ઘણો આગ્રહ કર્યો પણ એને ત્યાં ઘણા કાર્યક્રમો હજી બાકી છે એટલે રોકાઇ શકે તેમ નહોતી. પણ કૃષ્ણકાંતને એની વાતનો વિશ્વાસ આવતો નથી. તેમના મતે મેઘનાના સાસરિયા મોટા લોકો છે અને આટલી બધી ભેટસોગાદો તેમના તરફથી મળી હોવાથી તેમની ઘેર જઇને એમણે અને વસંતે તેમનો આભાર માનવો જોઈએ. દીકરીને મળવા આવવા દેવાની રજા માંગવી જોઈએ. આમે ય આપણે દીકરીવાળા એટલે નમતાં રહેવું જોઈએ. વસંત તેમની સાથે સહમત નથી. તેનું કહેવું એમ છે કે, જેના ગુરુ સામાજિક ક્રાંતિના પ્રણેતા હોય તેમણે પણ આવું માનવું ના જોઈએ, અને છતાં ય એમને એમ લાગતું હોય તો એ ફોન કરીને મેઘના તથા વેવાઈ સાથે વાત કરી લે. કૃષ્ણકાંત મેઘના સાથે વાત કરી લે છે. વારેવારે એને બોલાવવા છતાં તે આવી શકે નહિ, એટલા કાર્યક્રમોમાં વ્યસ્ત છે. પછી એની નણંદ પૂજાને એ લોકો વિદેશ ભણવા મોકલે છે એની પાર્ટીમાં આ લોકોને જાય છે. ત્યાં પૂજા અમીને કહે છે, એને બહાર ભણવા જવાની સહેજે ઇચ્છા નથી છતાં આ લોકો મોકલે છે. અમી પાછા વળતા ગાડીમાં આ વાત વસંતને કહે છે, અને આ તો માબાપની  સરમુખ્યારશાહી જ કહેવાય એમ કહે છે. કૃષ્ણકાંતને આ ટીકા ગમતી નથી.

એના પછી ચારેક દિવસ પછી કૃષ્ણકાંત ઘેર નહોતા અને ધોધમાર વરસાદમાં અચાનક મેઘના ભીંજાઇને આવે છે અને આવતાની સાથે જ અમીને વળગીને ખુબ જ રડે છે. અમી ગભરાઇને વસંતને ઊંઘમાંથી ઉઠાડી બોલાવી લાવે છે. બંને જણના ખુબ પૂછવા છતાં તે કંઇ જ બોલતી નથી. ઘણી વાર પછી તે તૂટક તૂટક શબ્દોમાં એટલું જ કહે છે કે, તે એ ઘર છોડીને આવી છે.

અને તે સંસ્કાર સાથે રહી શકે તેમ નથી. પછી તે વસંતને પૂછે છે કે, એ લોકો એને એ ઘેર પાછી તો નહિ મોકલેને ?

વસંત તેને આશ્વસ્ત કરે છે કે, એની મરજી વિરુદ્ધ તે કૃષ્ણકાંતને પણ કોઈ જ પગલું નહીં ભરવા દે. મેઘના થાકીને સુઇ જાય છે. ત્યારે ગીતા બહેનનો ફોન આવે છે, મેઘના ત્યાં છે કે કેમ, તે જાણવા. વસંત કહે છે મેઘના ત્યાં છે. ગીતાબહેન પૂછે છે કેટલા વાગ્યે તેને લેવા ગાડી મોકલે ? વસંત જણાવે છે, મેઘનાની તબિયત સારી નથી તે હમણાં એમને ત્યાં જ રોકાશે, અને ફોન કાપી નાખે છે.

મેઘના ઊંઘીને ઉઠ્યાં પછી ખુબ દુઃખ સાથે આટલા દિવસોની વાત કરીને અમીને જણાવે છે કે, તેનો પતિ સંસ્કાર નપુંસક છે. માટે તે ઘર છોડીને આવી છે. અમી વસંતને વાસ્તવિકતા જણાવે છે. અકળાયેલી વસંત અમીને મેઘનાનું ધ્યાન રાખવાનું કહીને ઘેરથી નીકળી પડે છે. અને સીધી મી.સોમાણીની ઘેર જઇને ગીતાબહેન અને મી.સોમાણી સાથે મેઘનાની જિંદગી બગાડવા માટે સખત ઝઘડો કરે છે. ગીતાબહેન પહેલાં તો હકીકતથી અજાણ હોવાનું નાટક કરે છે. અને વસંતને મ્હોંએ આવી વાતો શોભતી નથી ને આપણે કેવા હોમહવન અને પૂજા-પાઠ કરાવનારા ઘરના, જેવી વાતો કરીને વસંતને શાંત કરવાનો પ્રયાસ કરે છે. પોતાના રૂપિયાના જોરે ડારો દેવાનો ય પ્રયાસ કરે છે. પણ વસંત ડર્યા વિના એમની ચાલ ઉઘાડી પાડતા કહે છે કે,એ લોકોને એમ હશે કે મોટા ઘરની વહુના લેબલને કારણે શાંત અને ગભરુ મેઘના કદી મોઢું નહિ ખોલે, વળી આટલી બધી સંપત્તિની એક માત્ર વારસદાર એ લોભ ય કાંઇ જેવો તેવો નથી, બીજી કોઇ યુવતી હોત તો એમને બ્લેકમેઇલ કરીને મનફાવે તેમ જિંદગી જીવત. આટલા માટે જ એમણે મેઘનાને ખુશ કરવા કૃષ્ણકાંતના અભિમાનને પોષ્યું. અને ભોળી મેઘનાને પાઠપૂજાને નામે હેળવી હતી. એમના પરિચિત વર્તુળમાં તો એમને મેઘના જેવી શાંત, સહનશીલ અને ધાર્મિક યુવતી મળવાની નહોતી. અને લગ્નને આટલા

મહિના થઈ ગયા એટલે એમને  તો બધું એમનાં પ્લાનિંગ મુજબ થઈ રહ્યું છે એમ પણ લાગ્યું હશે. મેઘના અને પૂજાની મૈત્રીને કારણે એમની યોજનામાં વિઘ્ન ના આવે એટલે જ કદાચ એમણે પરાણે પૂજાને ફૉરેન મોકલી આપી. અને પછી તે ઊંડા દુઃખ સાથે ગીતાબહેનને પૂછે છે કે, શું કામ એમણે એમનાં નપુંસક દીકરા સાથે મેઘના જેવી કુમળી યુવતીને બાંધીને એના જીવનનો ભોગ લીધો ?

ત્યારે અત્યાર સુધી વસંતની સામે ના આવેલા મી.સોમાણી એ સમયે અંદરથી બહાર આવીને આ દુષ્કૃત્ય માટે માફી માંગે છે. છતાં એ અભિમાની  બાઈ ગીતા વસંતને ગોકીરો મચાવવાથી મેઘના અને સાથે તેમનું કુટુંબ ય બદનામ થશે એવી ધમકી આપે છે. અને સાથે વસંત સામે જો મેઘના ચૂપ રહે તો મેઘનાને નામે અહીં કે ફૉરેન બેંકમાં જ્યાં માંગે ત્યાં ને જેટલા માંગે તેટલા રૂપિયા મૂકી આપવા સાથે મેઘનાને પોતાની અંગત જિંદગી પોતાની ઈચ્છા મુજબ જીવવાની સ્વતંત્રતા અને જેની સાથે સંબંધ રાખવો હોય તેની સાથે સંબંધ રાખવાની છૂટ, વળી મેઘનાના બાળકને પોતાના વારસદાર તરીકે સ્વીકારવાનો પ્રસ્તાવ મૂકે છે. ક્રોધથી વસંત ગીતાબહેન પર ધસી જાય છે પણ એ પહેલા મિ.સોમાણી જ પોતાની પત્નીનું ગળું દબાવે છે,  વસંત ગીતાબહેનને છોડાવે છે. મી.સોમાણી પોતાની પત્ની વતી વસંતની માફી માંગીને તેને કહે છે કે, એમણે ધંધા માટે અનેક ખોટા સોદા કર્યા છે પણ કદી જીવતા માણસનો સોદો કરવા જેટલા હજી અધમ થયા નથી. તેઓ વસંતને ડાયવોર્સ માટે જરૂરી પેપર્સ મોકલાવી દેશે એમ જણાવે છે. સાંભળીને ફરી ગીતાબહેન વીફરે છે. ફરી એક વાર વસંતને સમાધાન કરવાનું કહે છે. ત્યારે વસંત કહે છે જે કરોડોની સંપત્તિનું ગાજર તેઓ એમની સમક્ષ લટકાવે  છે, એનાથી તેઓ પોતે  એક ચપટી સુખ ખરીદી શક્યા નથી, એટલું ય સમજી નથી શકતાં ખબર નહોતી કે એ લોકો  આટલા મૂરખ હશે. અને પછી હવે એનો વકીલ એ લોકોનો સંપર્ક કરશે એટલું કહીને તે ઘેર પછી ચાલી જાય છે.

એ ઘેર પહોંચી ત્યારે કૃષ્ણકાંત આવી ગયા છે અને અમીએ તેમને બધું ચોખ્ખું જ જણાવી દીધું છે. છતાં તેમને વસંતનું મિ.સોમાણીને ઘેર જઇને ઝઘડો કરવું ગમતું નથી. હજી તેમને સમાધાન કરાવી મેઘનાને સમજાવીને સાસરે પાછી મોકલવી છે. પોતાની દીકરીના સુખ-દુઃખ કરતાં તેમને પોતાની પ્રતિષ્ઠા અને લોકો શું કહેશે તેની ચિંતા છે. વહાલી દીકરીના ભવિષ્યની એમને પડી નથી. તેઓ કહે છે કે, મેઘના શાંત થાય એટલે ગીતાબહેન સાથે મિટિંગ કરીને કોઇ રસ્તો કાઢીશું. વસંત તેમને ગીતાબહેને સૂચવેલા પ્રસ્તાવની પણ વાત કરે છે. તો તેઓ વસંત સામે ટગર ટગર જોયા કરે છે. મેઘના અંદરથી અમીનો હાથ પકડીને દોડી આવે છે ને પૂછે છે કે હવે આ પ્રસ્તાવનો એમની પાસે શું જવાબ છે.

કૃષ્ણકાંત થોથવાતી જીભે કહે છે તેઓ શું કહે તે એમને સમજાતું નથી. ત્યારે મેઘના તેમને પૂછે છે કે - ગીતાબહેને એના ચારિત્ર્ય પર કીચડ ઉછાળ્યો છે અને એમને કંઇ કહેવાનું નથી ? વસંત અને અમી મેઘનાનું આ નવું રૂપ જોઇ રહ્યાં. આજે મેઘનાએ જેનો તે આંધળો વિશ્વાસ કરતી હતી તે પિતાને પ્રશ્ન પૂછવાની હિંમત કરી હતી તેમને થાય છે કે, દુઃખના અનુભવો સ્ત્રીને પરિપક્વ બનાવી દેતા હશે. કૃષ્ણકાંતભાઇ જવાબમાં કહે છે કે, એમને કેટલું દુઃખ થયું તે તેઓ મેઘનાને સમજાવી શકે તેમ નથી. મેઘના કહે છે, માત્ર દુઃખ થયું દુઃખ **?** એની મમ્મી તો ક્ષણના ય વિલંબ વિના ત્યાં ધસી ગઇને એને ખાતરી છે કે એ લોકોને બરોબર ઝઘડીને એમને ધમકાવીને આવી હશે.

છતાં ય કૃષ્ણકાંત મિટિંગ કરીને બીજાની સલાહ લેવાનું કહે છે, ત્યારે મેઘના કહે છે, એનું પ્રદર્શન કરવું રહેવા દે. જો તે આ ઘરમાં ના રહે તેમ ઇચ્છતા હોય તો એને સીધું કહે તે અહીંથી ચાલી જશે. એમ કહીને તે દોડીને ઘર બહાર જવા જાય છે. પણ અમી તેને બળપૂર્વક પકડી રાખે છે. ને વસંત કહે છે કે, એની બાબતમાં જે કોઇ નિર્ણય થશે તે મેઘના પોતે જ લેશે. અને મેઘનાનું ગૌરવ હણાય એવું કશું ય તે થવા નહીં દે. ને જેને આ વાત મંજુર ના હોય

તે ઘર છોડીને જઇ શકે છે. અકળાયેલા કૃષ્ણકાંત જીવ પર આવીને કહે છે કે, આ ઘર એમનું છે. ત્યારે વસંત કહે છે, એમનું તો મકાન હતું, એને જાત ઘસીને અને હૂંફ આપીને ઘરપણું વસંતે આપ્યું છે. માત્ર ખર્ચ આપીને રહી શકાય તેને ગેસ્ટહાઉસ કહેવાય.

અમી, મેઘના અને વસંત ત્રણે એક થઇને આ બાબતમાં કોઈ જ સમાધાન કરવાની ઘસીને ના કહી દે છે. એમની વાત કોઇ સમજતું નથી ને એમની આટલી ઈજ્જત-આબરૂ ધૂળધાણી થઇ જશે એ બીકે કૃષ્ણકાંત આકળ-વિકળ થઈ જાય છે. પણ એમનું કંઇ જ ચાલતું નથી. એ થોડા થોડા દિવસે સમાધાનની વાતો કર્યા કરે છે પણ આ ત્રણે ય ટસના મસ થતાં નથી. કૃષ્ણકાંત ભાઇ ગુરુજીને નામે મેઘનાનું ઈમોશનલ બ્લેકમેઈલિંગ કરવાનો પ્રયાસ કરે છે. તેઓ કહે છે, ગુરુજીમાં તો એને વિશ્વાસ છે ને ? ગુરુજીની હાજરીમાં તેઓ મિટિંગ કરશે. મેઘના કહે છે એને ખબર નથી કે એને એમનામાં હવે વિશ્વાસ છે કે કેમ. એની વાત સાંભળીને કૃષ્ણકાંતને ખુબ આઘાત લાગે છે. ત્યારે મેઘના સ્પષ્ટ શબ્દોમાં કૃષ્ણકાંતને કહે છે કે, એના મનમાં એના પપ્પા કેવી ભવ્ય છબી એણે કંડારી હતી, પણ વૃંદાવન સંકુલમાં ચાલતા ભ્રષ્ટાચારને ટેકો આપીને એમણે એ છબીને ખરડી નાખી છે. અને છતાં કૃષ્ણકાંતે મિટિંગ નક્કી કરી છે એ જાણીને મેઘના ચોખ્ખા શબ્દોમાં કહી દે છે કે, એની નામરજી છતાં ય જો તેઓ જ્યાં જયારે પણ મિટિંગ ગોઠવશે તો તે  ત્યાં જઇને સ્પષ્ટ કહેશે કે એની જિંદગીમાં દખલ દેવાનો એમને કે ગુરુજીને કોઇને પણ અધિકાર નથી.

ઉલટું,  હવે અમી પાસેથી માની પીડા અને એકલતા જાણ્યા પછી એક દિવસ મેઘના વસંતને કહે છે કે એમને ખાતર આટ-આટલા સમાધાનો કરીને વસંતને  દુઃખ,એકલતા સિવાય શું મળ્યું ? એ શા માટે કૃષ્ણકાંતને છોડી નથી દેતી ? શા માટે આ નિષ્પ્રાણ સંબંધોનો બોજ વેંઢારે છે?

આ વાત પછી અમી, મેઘના બહાર જાય છે, સાંજે સીધા એ ત્રણે જણા વકીલની અપોઇંટ્મેન્ટ લીધી છે ત્યાં મળવાના છે. કૃષ્ણકાંત આવીને ફરી એકવાર વસંતને સમાધાન માટે સમજાવવાનો પ્રયાસ કરે છે. એમને ખબર પડી ગઈ છે કે આ લોકો વકીલની પાસે જવાના છે. ત્યારે તેઓ ફરી વસંતને કહે છે કે, એ લોકો એમની સલાહ લે. આ મેઘનાના ભવિષ્યનો સવાલ છે. તેઓ, ગુરુજી ને ગીતાબહેન આટલું મથી રહ્યા છે અને આ લોકો તોડવાની વાત કરે છે. વસંત કહે છે કે, એમને ક્યારે સમજાશે કે આ ગીતાબહેનની હલકટાઇ છે. તે કહે છે કે, જયારે ગીતાબહેને આવી વાહિયાત વાત કરી હતી ત્યારે ખુદ એના પતિએ ગુસ્સે થઈને એનું ગળું દબાવ્યું હતું, એ પારકા માણસને મેઘનાના ગૌરવનો ખ્યાલ હતો પણ કૃષ્ણકાંત બાપ થઈને એમને દીકરીના સુખ કરતાં પોતાની ઈજ્જત-આબરૂને પ્રતિષ્ઠા વધુ વહાલા છે. અને તે કૃષ્ણકાંતને કહી દે કે, હવે એમનાં બંનેનાં માર્ગ જુદાં પડે છે. હવે તે કૃષ્ણકાંત સાથે રહીને લોકોને દેખાડવા સુખી કુટુંબનું નાટક કરી શકે તેમ નથી. આ બેવડા જીવનની કાવડ ઊંચકીને થાકી ગઈ છે. સાથે રહેવા માત્રથી સહજીવન થઈ જતું નથી. હવે તેઓ જુદાં જ થઈ જાય તે જ યોગ્ય છે. કૃષ્ણકાંત પૂછે છે એટલે વસંત છૂટાછેડાની વાત કરે છે? વસંત કહે છે કે, હા, વાત તો છૂટાછેડાની જ છે પણ હવે તેનો કોઈ અર્થ નથી. એટલે તે ઈચ્છે છે કે તે બંને હંમેશ માટે અલગ થઈ જાય. એ મા,દીકરીઓ મળીને એમનાં જીવનની ગૂંચ ઉકેલશે. કૃષ્ણકાંતે એમનાં ઘરમાંથીને જીવનમાંથી ચાલ્યા જવું. કૃષ્ણકાંત ડૂબતો માણસ તરણું પકડે એમ હવાતિયાં મારતા કહે છે, આ ઉંમરે જુદા પડવાનીવાત શોભે છે ? આવી મુર્ખામી ના કરે તેઓ તેમની કોઈ ફરજને ચુક્યા નથી.

વસંત કહે છે કે, "-મને સલામતી મળી, સગવડો મળી. પણ મારા મનનું શું ? મારા ખાલીપાનું શું ? એ અગણિત એકલવાયી રાતોએ મારા રોમેરોમમાં તમારા માટે જાગેલી ઝંખનાનું શું ? ના કૃષ્ણકાંત. આપણે એકમેક માટે નિર્માયા જ નથી. અને આ વાતને ઉંમર સાથે શી નિસ્બત?" [9]

વસંત કહે છે કે, એમને બાંધી રાખે એવું કશું જ હવે બાકી નથી, ત્યારે કૃષ્ણકાંત કહે છે, એમની દીકરીઓ છે ને ? અને  તેઓ એમની આડે નહિ આવે. વસંત કહે છે દીકરીઓની પણ એ જ ઈચ્છા છે કે, તેઓ જુદાં થઇ જાય અને દીકરીઓને એની સાથે રહેવું છે. પોતાનું અસ્તિત્વ સંકટમાં છે એ ઘડીએ પણ હજી કૃષ્ણકાંત કહે છે કે, મેઘનાના ડાયવૉર્સની  વાતો કરો છો, વળી એ લોકો ય અલગ થવાની વાતો કરે છે, લોકોમાં કેવી જાત-જાતની વાતો થશે, અફવા...બદનામી...નિંદા...થશે એનો ખ્યાલ છે ? વસંતને થાય છે કે આ માણસ હંમેશા પોતાનો ને બીજાનો જ વિચાર કરે છે. આજે છુટા પડવાની ક્ષણે પણ એમને લોકો શું કહેશે એની ચિંતા છે, પોતાના સ્વજનોને કેવું લાગશે તેની ચિંતા નથી..

અને તે સ્વસ્થતાથી સપાટ શબ્દોમાં કૃષ્ણકાંતને કહી દે છે કે, તેઓ એમના ઘરમાંથી જીવનમાંથી ચાલ્યા જાય, એમને ક્યાં રહેવું તે એ જાણે. એમને  દર મહિને જીવન નિર્વાહ માટે નિયમિત રૂપિયા મળતા રહે તેની વ્યવસ્થા કરી આપવી. દીકરીઓને એમને મળવું હશે તો વસંત નહિ રોકે બાકી એમનો આ ભવનો ઋણાનુબંધ પૂરો થયો. અને સ્તબ્ધ ઉભેલા કૃષ્ણકાંતને ત્યાં જ છોડી તે પોતાના બેડરૂમમાં જઇને દરવાજો બંધ કરી દે છે ને બહાર ટકોરા પડ્યાં કરે છે, એની પરવા કર્યા વિના બાથરૂમમાં જઇને માથાબોળ નાહી લે છે, જાણે એમના સંબંધના નામનું નાહી નાખ્યું.

**આ નવલકથાની નારી સંવેદનાઓ અને નારી સમસ્યાઓ :**

**અહીં સહુ પહેલા વૈધવ્યની સમસ્યા :**

કૃષ્ણકાન્તની માતા ખુબ નાની ઉંમરમાં વિધવા થઇ હતી અને એ સમયે તો વિધવા પુનર્વિવાહ કરી જ નહોતી શકતી. એટલે એને ધર્મ સત્તા દ્વારા ઘેરવામાં આવી. એને આખો દિવસ વ્યસ્ત રહે માટે ઠાકોરજી આપવામાં આવ્યા, જેને ઉઠાડવા, નવડાવવા, ખવડાવવા, સુવાડવા, કથાકીર્તન,ભાગવત સપ્તાહ, રામનવમી અને જન્માષ્ટમીના ઉપવાસ, ગણપતિ ચોથના લાડુ ને શીતળા સાતમની ટાઢી રસોઇ આજે લઘુ રુદ્ર અને કાલે સત્યનારાયણની કથા. સ્વતંત્ર રીતે વિચારવાનો સમય જ નહીં અને અને અભ્યાસના અભાવે અવિકસિત વિચારશક્તિ એટલે કહેવાતા ધર્મધ્યાન,બાહ્યાડંબરમાં જ એમનું મન કુંઠિત થઈને રહ્યું. એ જ એના જીવનો હેતુ બની ગયો. વળી પાપ-પુણ્યના ગણિત શીખવાયા હશે. જેથી તે સ્ત્રી તરીકે કહેવાતા ધર્મની સત્તા સામે માથું ઊંચકે નહીં.વળી તેની શરીરભૂખ ને દબાવવા એને શીખવવામાં આવ્યું કે, શરીર અને મન સંકોરીને જીવે એ જ સ્ત્રીનું ખરું તપ. અને દામ્પત્ય જીવન માત્ર વંશવૃધ્ધિ માટે છે. માટે એનો પતિ હવે હયાત નથી તો એણે વૃત્તિઓ પર સંયમ રાખીને જીવવું. એમણે આજ રીતે જીવતાં નાના કૃષ્ણને ઉછેર્યો.એટલે આ બાહ્યાડંબરના ખોટા સંસ્કાર નાનપણથી કૃષ્ણકાંતના કુમળા મનમાં ઝીલાયા અને ઘર કરી ગયા છે. અને વસંતની સાસુની વસંતને પણ ગોખાયેલાં શબ્દોમાં શિખામણ આપે છે કે શરીર અને મન સંકોરીને જીવે એ જ સ્ત્રીનું ખરું તપ. અને દામ્પત્ય જીવન વંશવૃધ્ધિ માટે છે. જો કે આ શિખામણ એ એની સાસુ માટે એના જમાના પ્રમાણે ઉચિત હતી. કારણકે એમણે વૈધવ્ય પાળવાનું હતું. પણ એક નવોઢા માટે તે શિખામણ યોગ્ય નથી એ એમનું જડ મગજ સમજી ના શક્યું. અને ઉછ્ળતી જુવાનીના તોરમાં જીવતી વસંતનું મન એ સ્વીકારી ના શક્યું.

બીજી સમસ્યા છે : માતાપિતા દ્વારા પોતાની ઈચ્છા પૂરતી માટે સંતાનોનું ઈમોશનલ બ્લેક મેઇલિંગ.મરતી વખતે માને આપેલા વચનને કારણે આંખ મીંચીને વિચાર્યા વિના માનું અનુસરણ કરતાં કૃષ્ણકાંતે પતિ-પત્નીના સંબંધને ગળે ટૂંપો દઇ દીધો, હજી બંનેનો સંબંધ પ્રગાઢ બને, બે ય એકમેકને સમજે તે પહેલાં જ એ સંબંધ મુરઝાઈ ગયો. એ વાસ્તવિક જીવનની તુલનાએ કહેવાતા સાધુ-સંતો દ્વારા અપાતા ખોટા મૂલ્યોને જ જીવન માનતો થઇ ગયો.જેને કારણે પતિ-પત્ની વચ્ચે પહેલા શારીરિક અને પછી માનસિક અંતર વધતું ગયું. વારે ઘડીએ આત્મોન્નતિ અને ભગવદ્પ્રીત્યર્થે જેવાં શબ્દોનું રટણ કરતા કૃષ્ણકાંતને આ શબ્દોનો અર્થ સાચા અર્થમાં કદી સમજાયો નથી.

અહીં 'શગ રે સંકોરું'ના કથાવસ્તુ અને પાત્રો વિષે તેમનાં લેખમાં નૂતન જાની લખે છે તે ટાંકુ છું જેથી વાત વધુ સ્પષ્ટ થાય , "કૃષ્ણકાંત અને વસંતનું ઘર એક જ છે પણ વિશ્વ જુદાં છે, કાર્યક્ષેત્ર પણ ભિન્ન છે. પતિપત્ની વચ્ચેનું મૂકયુધ્ધ કુટુંબના વિકાસ માટે અનિવાર્ય એવા પ્રફુલ્લિત વાતાવરણનો અભાવ સર્જે છે. સતત પિતાના ઓછાયામાં અને આદેશોમાં જીવતી મેધના એવી યુવાસ્ત્રી પેઢીનું પ્રતીક છે જે ભારતીય સ્ત્રીઓની સમસ્યાઓની પરંપરાને આગળ વધારવામાં નિમિત્ત બને છે. જયારે અમી સ્વતંત્ર વિચારશક્તિ ધરાવતી યુવાપેઢીનું પ્રતીક છે. જો અમી જેવી સ્વાનુભવે વિચારનારી યુવા સ્ત્રીપેઢી ન હોત તો વસંતની પેઢીની સ્ત્રીની સમસ્યાઓ સમસ્યા જ રહી જવા પામત એ હકીકત સામે પણ આંખ આડા કાન કરી શકાય તેમ નથી.

'શગ રે સંકોરું'માં ભારતીય સ્ત્રીની ત્રણ પેઢીનું નિરૂપણ છે. પહેલી પેઢી તે કૃષ્ણકાંતની માતા જે પરંપરાગત ભારતીય સ્ત્રીની ભૂમિકામાં બધ્ધ છે, વસંતનું પાત્ર જે સ્ત્રીઓની સમસ્યા વિષે ન કહી શકાય કે ન સહી શકાયની અધવચની સ્થિતિમાં જીવનારી બીજી સ્ત્રીપેઢી અને અમી

જેવી શિક્ષિત, સ્વતંત્ર રીતે વિચારનારી અને નિર્ભીક રીતે વિચારોને વ્યક્ત કરવાની હિમત પણ ધરાવે છે.”  [10]

ત્રીજી સમસ્યા છે શારીરિક અતૃપ્તિની વસંતના જુવાનીના સમયમાં હજી યુવાન પતિ-પત્ની લગ્ન પહેલાં છૂટથી મળી શકતા નહોતાં એટલે સ્વભાવિક છે કે બે ય એકમેકની શારીરિક ભૂગોળથી પરિચિત થવા ઉત્સુક હોય. એ સમયનો દામ્પત્ય સંબંધ શરીરથી મન સુધી ક્રમિક વિકસતો. અને આમે ય પતિ-પત્નીના સંબંધનો પાયો જ તંદુરસ્ત શારીરિક સંબંધો હોય છે. આમ લગ્નજીવનની શરૂઆતમાં જ એમનાં સંબંધનું પોત ફિસ્સું પડી ગયું. જે બાબતને વસંત સમજી શકે છે તે કૃષ્ણકાંત સમજી શકતા નથી કારણકે એમણે આંખ મીંચીને ક્યારેક ગોસ્વામીજી તો ક્યારેક શાસ્ત્રીજીને અનુસર્યા છે. તેમની કોઈ સ્વતંત્ર વ્યક્તિમત્તા નથી. અને વસંત એની સાસુના પછીના જમાનાની સ્ત્રી છે, તે ભણેલી છે.વાંચે છે, વિચારે છે. તેની પાસે નીરક્ષીર વિવેકબુધ્ધિ છે. પણ આર્થિક સ્વતંત્રતા નથી. પાછા જવું હોય તો ઘર નથી. એ બે બાજુ વહેંચાયેલી છે, ના પૂરી જુનવાણી છે, ના પૂરી આધુનિકા. ને એટલે જ એને પતિનો ઉઘાડેછોગ વિરોધ કરતાં સમાજનો ડર નડે છે. વળી બે દીકરીઓનો મોહ તેને કારણે તે સમાધાન કરીને જિંદગીનો સમય પસાર કરવાનું કબૂલી લે છે. ત્રીજી વાત પતિને સાચા દિલથી ચાહે છે, એટલે કદી પતિ સિવાયના પુરુષનો વિચાર નથી કરી શકતી. છતાં તે જયારે શાસ્ત્રીજીનો  ઉઘાડો દેહ જુએ છે ત્યારે અદમ્ય આકર્ષણ અનુભવે છે તેનો પોતાની જાત સમક્ષ સ્વગત સ્વીકાર કરે છે. પણ એ જે પરિસ્થિતિમાં મુકાઈ  છે તેને કારણે તેનું આત્મજ્ઞાન વધે છે. તેને પોતાના ગૌરવ અંગે સભાનતા છે. દીકરી હોય કે પતિ કોઈની ય દયા એને નથી જોઈતી. અને નવલકથાને અંતે જ્યારે તે પતિથી અલગ થઇ જવાનો દૃઢ નિર્ણય જાહેર કરે છે એ પહેલા અનેક વાર તેણે પતિની આંખ કદાચ ખુલે ને તે પાછો વળશે એવી આશા સેવી હતી. પણ દર વખતે તેને નિરાશા જ સાંપડી. નવલકથાના અંત સુધી કૃષ્ણકાંત પોતાના સ્વજનોની તુલનામાં ઈજ્જત, આબરૂ, પ્રતિષ્ઠા અને સમાજના ડરથી મુક્ત નથી થઇ શકતા.

હકીકતે ધર્મ શું છે એટલું વિચારવા જેટલી તેમની સમજ કદી વિકસી જ નહિ. ધર્મના નામે વૃંદાવન સંકુલમાં અધર્મ આચરાઈ રહ્યો છે તે જાણવા છતાં વ્યક્તિપૂજામાં અંધ થઈ ગયેલા કૃષ્ણકાંત સાચા મૂલ્યોને પક્ષે છાતી ઠોકીને ઉભા ના રહી શક્યા, જેને કારણે એમણે ઘર અને સ્વજનો બે ય ગુમાવવાનો વારો આવ્યો અને તો ય તેઓ લોકનિંદા ને આબરૂની ચિંતા કરે છે. પોતાની સામે આવનારા વેરાન જીવનની હજી તેમને કલ્પના જ નથી, કાં તો શાહમૃગની જેમ આંખ મીંચીને જીવવાનું જ એમને મંજુર છે.

ચોથી સમસ્યા છે માતૃત્વની : વસંત જો બે દીકરીઓની મા ન હોત તે કૃષ્ણકાંત સાથે આટલા વર્ષો બળીઝળીને જીવવાને લાચાર ના હોત. અને એટલે જ દીકરીઓ જયારે તેનું પીઠબળ બનીને ઉભી રહે છે ત્યારે તે કૃષ્ણકાંતથી અલગ થઇ જવાનો નિર્ણય લેતાં ગભરાતી નથી.

વસંતના એની દીકરીઓ જોડે સંબંધ જોઈએ તો એક દીકરી જે બાપના પગલે બાપને અનુસરી રહી છે. એની અને વસંતની વચ્ચે ખાસ્સી વૈચારિક ખાઈ છે. વસંત અનેક વાર મેઘનાને સમજાવવાનો પ્રયાસ કરે છે. પણ મેઘના બાપની નજરે જોવા ટેવાઈ ગઈ છે. લગ્ન પહેલા અને લગ્ન સમયે પણ વસંત અને અમી તેને વારંવાર વિચારવાનું કહે છે. પણ બાપમાં અંધવિશ્વાસ ધરાવતી આ છોકરીને વિચારવાની ટેવ જ નથી. અને લગ્ન પછી બે બાબતે તે વિચારતી થાય છે એક તો પહેલા વૃંદાવન સંકુલમાં બનેલી મારામારીની ઘટના અને આચરાતા અધર્મને જાણીને પણ પિતા ધર્મને અને સાચા મૂલ્યોને પક્ષે નથી એ બાબતે વિચારતી થાય છે. બાપની તેના મનમાં રહેલી છબી ડહોળાઈ જાય છે. અને ગુરુજી તથા તેમના કહેવાતા ધર્મના મૂલ્યોમાંથી પણ પતિ, ગીતાબહેનના કહેવાતા સંસ્કારી કુટુંબે કરેલા દગાને કારણે વિશ્વાસ ગુમાવે છે. પણ તે નવા જમાનાની સ્ત્રી છે તેનો પરિચય આપતા પોતાને થયેલા અન્યાય સામે તે બિલકુલ ઝૂકવા તૈયાર નથી. તેને જીવન માણવું છે, એના માટે છૂટાછેડા લેવા ય તૈયાર છે, લોકો શું કહેશે એવો ભય તેને સતાવતો નથી. જે દીકરીને એક

સમયે મા બાપને સમજતી નથી અને એકલા પાડે છે એવી ફરિયાદ કરતી હોય છે, તે સ્વાનુભવે માની એકલતા, વિષાદ અને પીડા સમજે છે. હા લગ્ન પછી ભાંગી પડેલી મેઘનાને ભય લાગતો હતો કે, પોતાના પિયરમાં આશરો નહીં મળે તો ક્યાં જઈશ ? પણ સાસરે જીવી નાખવાની તૈયારી સહેજે નથી. કદાચ વસંતનું અને અમીનું પીઠબળ ના મળ્યું હોત તો આત્મહત્યા પણ કરી લેત. પણ મા અને બહેનનું પીઠબળ મળ્યા પછી તે પોતાના નિર્ણયમાં બિલકુલ મક્કમ  અને અડગ થઈને પિતાની સામે પણ વિદ્રોહ પોકારે છે. ખોટા ધાર્મિક કે સામાજિક મૂલ્યોને પણ પડકારે છે. એનું  જીવન માત્ર એનું છે અને તેના અંગે નિર્ણય કરવાની એક માત્ર સત્તા એની જ છે. તે કોઈના હાથની કઠપૂતળી નહિ જ બને. અને એનું મનુષ્ય તરીકેનું ગૌરવ નહીં ગુમાવે એ તેનો એક નવી સ્ત્રીનો નિર્ણય છે.

અમીને માએ ઘડી છે, એને સભાન રહીને માએ બાપના પડછાયાથી ય દૂર રાખી છે. એને સ્વતંત્ર વાંચતા, રમતાં, વિચારતા શીખવ્યું છે. અને પછી પિતા તરફથી વાસનાનું ફળ કહેવાતા પોતાના જન્મની મા પાસેથી જાણવા મળેલી હકીકતે એના મનમાં બાપની વિરુદ્ધ, ખોટા મૂલ્યો વિરુદ્ધ એક આક્રોશ જન્માવ્યો છે. ને આ આક્રોશ તેના સ્વતંત્ર વ્યક્તિત્વના વિકાસના કારણરુપ છે. તેના મનમાં મા માટે જન્મેલા ઉપકાર ભાવને કારણે માની સાથે સખ્ય ભાવ કેળવાય છે, માની પીડાને સમજીને તેની અંદર વ્યાપેલા ખાલીપા અને વિષાદને દૂર કરીને ફરી એક વાર માને જીવન માણવા તરફ વાળવાના તે પ્રયાસો કરે છે. જે કાબિલે તારીફ છે. અમીને આ બાબતે સાથ સહકાર મળે છે, ચૌલા અને તેના પરિવારનો. ચૌલાના પરિવારને કારણે અમી તેના મનની છિન્નભિન્ન અવસ્થાને સંભાળીને મક્કમ થાય છે. જો કે વસંતની જેમ સમાધાન કરવાની કે માફ કરવાની વૃત્તિ બંનેમાંથી એક્કે ય દીકરીમાં નથી. આમ અહીં ત્રણ પેઢીમાં બદલાતી જતી નારીપ્રતિમા આપણને જોવા મળે છે.

એ પછીની સમસ્યા છે ધર્મના નામે ચાલતાં બાહ્ય આડંબરની : આ નવલકથામાં ધર્મને નામે થતાં ધતિંગ, ધર્મને નામે થતો કરોડો રૂપિયાનો વ્યવસાય અને જીવનના અને ધર્મના સાચા અને ખોટા મૂલ્યો વચ્ચેનો સંઘર્ષ જોવા મળે છે. સાથે જ એ પણ બતાવ્યું છે કે કરોડો રૂપિયા કે પ્રતિષ્ઠા કશું જ સંબંધ ટકાવી રાખવા કામ લાગતા નથી.

વસંતના મનમાં છેલ્લે સુધી પીડા છે, એક અણસમજુ બાળક તરફ માને હોય તેવો દયાભાવ કૃષ્ણકાંત માટે છે. પણ અંતે એક જાતનો તિરસ્કાર કેળવાય છે, જેના કારણમાં કૃષ્ણકાંતની પોતાની ઘેટાવૃત્તિ છે. પણ આ કોઈ સ્ત્રીઓમાં પુરુષ પ્રત્યે અસૂયા કે ધૃણાભાવ નથી.

**ઉપસંહાર :** આ બંને નવલકથાની જે નાયિકાઓ અને સાથે જોડાયેલ મહત્વનાં સ્ત્રીપાત્રોમાં વિવિધ સમસ્યાને કારણે પોતાની અંદર આક્રોશ છે, છતાં અનુપા, અનુરાધા ગુપ્તા,જલ્પા, તથા વસંત, મેઘના અને અમી જેવા પાત્રો એ સમજે છે કે, મિહિર, કૃષ્ણકાંત  કે બીજા જે પુરુષો સ્ત્રી સાથે અન્યાયકારી વર્તન કરે છે, એનાં મૂળમાં આપણી પુરુષપ્રધાન સમાજ વ્યવસ્થા છે.ક્યાંક સંજોગો અને વ્યક્તિનો ઉછેર પણ એના મૂળમાં છે. માટે જ આપણે જોઈ શકીએ છીએ કે, આ સ્ત્રીઓના મનમાં ખુબ આક્રોશ હોવા છતાં તેઓ પુરુષવિરોધી કે પુરુષ દ્વેષી નથી.વળી આ બધી સ્ત્રીઓ પોતાની જાતને ભાગ્યના ભરોસે છોડી દેવામાં માનતી નથી. તેઓ વિચાર અને વિવેક પૂર્વક પોતાની સમસ્યાનો ઉકેલ શોધવાની કુનેહ અને ધીરજ ધરાવે છે.એમનામાં સંઘર્ષ કરવાની તૈયારી છે. અનુપા જાણે છે કે પોતાના સ્વપ્નો સાકાર કરવા હોય તો ઘણું બધું છોડવાની અને તેની કિંમત ચુકવવાની તૈયારી પણ રાખવી જ પડે.વળી આ સ્ત્રીઓ પોતાનો હેતુ સિધ્ધ કરવા કોઈ અનૈતિક કે ટૂંકો માર્ગ પસંદ કરવામાં માનતી નથી.પોતાના માર્ગમાં અડચણરૂપ બનતા મિહિર માટે અનુપાના મનમાં કોઈ કડવાશ નથી જ.જયારે કૃષ્ણકાન્તની વિવેકહીનતા અને બુધ્ધિ શૂન્યતાને કારણે વસંતના મનમાં તેમને માટે દયાભાવ છે, તિરસ્કાર નથી.વર્ષો એણે  કૃષ્ણકાંતના બદલાવાની રાહ જોઈ હતી.  જયારે

મેઘના, અમી કે અનુપા જેવી નવી પેઢીની સ્ત્રીઓ પોતાની સાથે માત્ર સ્ત્રી હોવાને કારણે થતાં અન્યાય કે શોષણ કે સમાજ અથવા ઘરમાં અપાતા દ્વિતીય સ્થાન સ્વીકારીને જૂની પેઢીની સ્ત્રીઓની જેમ સમાધાન કરવા તૈયાર નથી, એ પણ એટલું જ સ્પષ્ટ છે.

[1]  પૃષ્ઠ:૧૨૯ 'પાંચ પગલાં પૃથ્વી પર'

[2] પૃષ્ઠ:૧૨૯ 'પાંચ પગલાં પૃથ્વી પર'

[3] પૃષ્ઠ:૧૩૧'પાંચ પગલાં પૃથ્વી પર'

[4] પૃષ્ઠ: ૩૨૬ 'પાંચ પગલાં પૃથ્વી પર'

[5] દક્ષા વ્યાસ : પરબ ઓક્ટોબર,૧૫.પૃષ્ઠ ૭૯.

[6] પૃષ્ઠ ૧૫, 'શગ રે સંકોરું'

[7] પૃ.૨૧,  'શગ રે સંકોરું'

[8] પૃ.૪૩, 'શગ રે સંકોરું'

[9] પૃ.૨૮૯ 'શગ રે સંકોરું'

[10]  નારીચેતનાની સંકોરાતી શગ,પૃષ્ઠ : ૮૬ , વિબોધ : નૂતન જાની